Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૪૨
તા.૨૧-૦૧-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ મહા સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૧૯

તાપમાન
ડીસા ૧૩.૮
અમદાવાદ ૧૧.૮
ગાંધીનગર ૧૧.૦
વડોદરા ૧૩.૮
સુરત ૧૬.૮
નલિયા ૦૮.૮

ચાંદી : ૩૯,૬૦૦ સોનું : ૩૦,૭૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

જાતિગત રાજનીતિ દેશનું દુર્ભાગ્ય : મોદી

લોકસભા-વિધાનસભા ચૂંટણી એકસાથે થાય : દેશમાં વિકાસ, એકતા અને દૂરના ભવિષ્યના મુદાઓ પર રાજનીતિ થવી જોઈએ

ન્યુ દિલ્હી

નરેન્દ્ર મોદીએ તમામ ચૂંટણી (લોકસભા, વિધાન સભા, સ્થાનિક સ્વરાજ્ય અને લોકલ બોડી) એકસાથે કરવાની વાત કરી છે. એક ચેનલને આપવામાં આવેલાં ઈન્ટરવ્યૂમાં તેઓએ એમ પણ કહ્યું કે જાતિનું રાજકારણ થયું છે તે દેશનું દુર્ભાગ્ય છે. ઈન્ટરવ્યૂમાં મોદીએ કહ્યું કે, "ચૂંટણીનો તહેવાર ખાસ કરીને હોળીની જેમ હોવો જોઈએ. એટલે કે તમે તે દિવસે કોઈના પર પણ રંગ કે કીચડ ફેંકો અને આગામી વર્ષ સુધી ભૂલી જાવ."મોદીના જણાવ્યા મુજબ, "દેશ હંમેશા ઈલેકશન મોડમાં જ રહે છે. એક ચૂંટણી પૂર્ણ થાય છે તો બીજી શરૂ થઈ જાય છે. મારો વિચાર છે કે દેશમાં એક સાથે એટલે કે ૫ વર્ષમાં એક વખત સંસદીય, વિધાનસભા, સિવિક અને પંચાયત ચૂંટણીઓ થવી જોઈએ. એક મહિનામાં જ તમામ ચૂંટણીઓ પૂર્ણ કરવામાં આવે જેનાથી પૈસા, સંસાધન, મેન પાવર તે બચશે જ સાથે સિક્યોરિટી ફોર્સ, બ્યુરોક્રેસી અને પોલિટિકલ મશીનરીને પણ દર વર્ષે ચૂંટણી માટે ૧૦૦-૨૦૦ દિવસ માટે અહીંથી ત્યાં નહીં મોકલવા પડે." મોદીએ કહ્યું કે, "એકસાથે ચૂંટણી કરવામાં આવે તો દેશ એક ભારણથી મુક્ત થઈ જશે. જો આપણે આવું નહીં કરી શકીએ તો વધુમાં વધુ સંસાધન અને પૈસા ખર્ચ થતાં રહેશે.

વિચાર વૈભવ...

આપણે આજના જમાનાને, આજની પેઢી, યુવાનોને તેમનાં વર્તન અને સંસ્કારને દોષ દઈએ છીએ. પણ તેના પાયાના મૂળમાં કે કારણમાં તો આપણે આપણી પેઢીઓ જ છે.

ચીનના મહાન તત્વચિંતક કોન્ફ્યુશિયસ પાસે એક ખેડુત આવ્યો અને એક ટોપલીમાં ફોફલી સડી ગયા જેવી મકાઈનો ઢગલો કરી કહ્યું, 'મહાત્માજી! મેં ખેતરમાં ખૂબ ખાતર- પાણી મહેનત રેડી આ મકાઈ વાવી હતી પણ તેમ છતાં ય આવી સડેલી મકાઈનો પાક કેમ ઊતર્યો? આમાં દોષ કોનો?'

કોન્ફ્યુશિયસે કહ્યું, 'જો ભાઈ, સારા શાકભાજી ઉગાડવા હોય તો બે- ત્રણ માસ પહેલા સારા બીજને કાળજી લઈ ઉગાડવા પડે! સારાં ફળ ખાવા હોય તો ચાર- પાંચ વર્ષની કાળજી લેવી પડે, સારા સંતાન પ્રાપ્ત કરવા ચારિત્ર્યવાન- મૂલ્યોવાળા - સંસ્કારની પેઢીઓની પરંપરા જરૂરી છે એને માટે સદીઓ જોઈએ...'

'તું પણ મકાઈના સારા બીજ વાવ અને બે- ત્રણ પાક સુધી એમાંથી પણ સારી સારી મકાઈ ચૂંટી એની વાવણી કર. આમ બીજે- ત્રીજે વર્ષે તને ઉત્તમ મકાઈનો પાક મળશે.'

ખેડૂતે સલાહ મુજબ મહેનત કરી સારો પાક લીધો. 'બોલો! આજની પેઢી માટે હવે કકળાટ કરશો?!

- સુરેશ પ્રા.ભટ્ટ

સાર સમાચાર...

ગુજરાતમાં એમબીબી એસની સીટ વધીને ૪૦૦૦ થઇ શકે

અમદાવાદ

ગુજરાતમાં એમબીબીએસની સીટોની સંખ્યા વધીને ૭૦૦૦ સુધી પહોંચી શકે છે. જો યોજના મુજબ તમામ બાબતો આગળ વધશે તો આ શૈક્ષણિક સત્રથી સીટની સંખ્યા વધશે. આ શૈક્ષણિક સત્રથી સીટોની સંખ્યા વધી જવાની સ્થિતિમાં વિદ્યાર્થીઓને વધારે રાહત મળશે. જો મંજુરી મળશે તો ૭૦૦૦ વિદ્યાર્થીઓને અંડર ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં પ્રવેશ આપી શકાશે.

પાકિસ્તાનનો સરહદ પર અવિરત ગોળીબાર : સ્થિતી વિસ્ફોટક

પાકિસ્તાનના ગોળીબારમાં બે જવાન અને બે નાગરિકોના મોત

જમ્મુ

પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભારતીય ચોકીઓ પર ગોળીબાર કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. જમ્મુ કાશ્મીરના ચાર જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા નજીકના નાગરિક વિસ્તારો અને સરહદી ચોકીઓ પર પાકિસ્તાને યુદ્ધવિરામનો ંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો છે. જેમાં બે સુરક્ષા જવાનો શહીદ થયા છે અને બે નાગરિકોના પણ મોત થયા છે. પાકિસ્તાનના અવિરત ગોળીબારના કારણે સરહદ પર વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. પાકિસ્તાનના ગોળીબારમાં અન્ય ૩૫ લોકો ઘાયલ થયા છે. લોકોમાં વ્યાપક દહેશત પણ ફેલાઇ ગઇ છે. ભારતીય જવાનો જોરદાર જવાબી કાર્યવાહી કરી રહ્યા છે. પાકિસ્તાની સેનાએ અંકુશ રેખા નજીક સુન્દરબની સેક્ટર (રાજોરી જિલ્લા)માં કોઇ પણ ઉશ્કેરણીવગર ગોળીબાર કર્યો હતો. ભારતીય જવાનોએ પણ અઈસરકારક જવાબ આપ્યો હતો. પાકિસ્તાની જવાનોએ આંતરરાષ્ટ્રીય સરહદના ૫૦ કિલોમીટરના વિસ્તારોમાં સરહદી ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. ૫૦તી વધારે ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. થોડાક દિવસ પહેલા ભારતીય સેનાએ પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા ગોળીબાર બાદ જવાબી કાર્યવાહી કરીને પાકિસ્તાનના ચાર જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

બનાસકાંઠામાં પદ્માવત ફિલ્મના વિરોધમાં ઉગ્ર દેખાવો

ભરત સુંદેશા, સંજય જોષી

પાલનપુર, ડીસા, થરા, ગોળા, ધાનેરા સહિત હાઈવે બંધ કરી ચક્કાજામ કરાયું

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે મહાકાલ સેના ના કાર્યકરો અને વિવિધ સંગઠનો દ્વારા ફિલ્મ પદ્માવત ના વિરોધ માં પાલનપુર નજીક ના કાણોદર, ડીસા, થરા, ગોળા, ધાનેરા સહિત ના વિસ્તારમાં હાઈવે પર ચક્કાજામ કરતા તંત્ર દોડતું થઈ ગયું હતું. તેમ જ આ મુદ્દે મહાકાલ સેના દ્વારા પાલનપુર માં પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જે પ્રેસ કોન્ફરસ માં જિલ્લામાં પદ્માવત મૂવી પ્રદર્શિત કરવામાં આવશે તો થિયેટર માં તારાજી સર્જાશે તેવી ખુલ્લી ચુનોતી આપવામાં આવી હતી. દેશભરમાં ફિલ્મ પદ્માવત નો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ગુજરાત સહિત કેટલાક અન્ય રાજ્ય માં સરકારે ફિલ્મ પર બેન મુક્યો હતો. પરંતુ ફિલ્મ પોડ્યુસર એ બેન ના વિરોધ્ધ માં સુપ્રીમ કોર્ટ માં બેન હટાવવા અપીલ કરતાં સુપ્રીમ કોર્ટએ રાજ્યોને બેન હટાવવા અને ફિલ્મને પ્રદર્શિત કરવા લીલી ઝંડી અપાઈ છે. પરંતુ આ ફિલ્મનો રાજપૂતો સહિત દરેક સમાજ અને સમુદાય માં વિરોધ નો સામનો કરી રહી છે. ત્યારે ગુજરાત માં મહાકાલ સેના સહિત કર્ણી સેના અને વિવિધ સંગઠનો દ્વારા ૨૩ મી એ ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય

અનુસંધાન પાના નં.૬

જિલ્લામાં ૪૦ જેટલા કાર્યકરોની અટકાયત

ગઈકાલે કરણી સેના અને મહાકાલ સેનાના કાર્યકરો ડીસા પાલનપુર હાઈવે ઉપર આવેલ રસાણા પાસે, ધાનેરા, શિહોરી, થરા અને અંબાજીમાં પણ ટાયરો સળગાવી વિરોધ વ્યકત કર્યો હતો. જેના કારણે હાઈવે ઉપર ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો. જેથી દોડી આવેલી પોલીસે ૩૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. કાર્યકરોના આક્રમક વલણને લઈ હાઈવે ઉપર ઉત્તેજના સાથે દહેશતનો માહોલ છવાયો હતો. જોકે પોલીસે કાફલો દોડી આવી રોડ ઉપર ઉતરી આવેલા કાર્યકરોની અટકાયત કરી હતી. બાદમાં હાઈવે ઉપર ટ્રાફિક રાબેતા મુજબ શરૂ થઈ જતા તમામે હાશકારો અનુભવ્યો હતો.

જિલ્લા મહાકાલ સેનાની બેઠક

પાલનપુર તાલુકાના જગાણા ખાતે જિલ્લા મહાકાલ સેનાની શનિવારની સાંજે બેઠક યોજાઈ હતી. જેમાં તમામે એક સુરે "પદમાવતી" ફિલ્મનો વિરોધ કરી કોઈપણ ભોગે ફિલ્મ રજૂ ન થવા દેવા ચર્ચા - વિચારણા કરાઈ હતી.

ડીસામાં ફિલ્મ નહી દર્શાવાય

સુપ્રિમ કોર્ટના આદેશ બાદ ફરી "પદમાવતી" ફિલ્મ વિવાદોમાં સપડાઈ છે. કાર્યકરોનો ભારે વિવાદ જોતા ડીસા રાજમંદીર સિનેમાના મેનેજર લાલજીભાઈ પટેલે વિવાદ ન ઉકળે ત્યાં સુધી ફિલ્મ નહીં દર્શાવે તેમ જણાવ્યું હતું.

પાલનપુર પંથકમાં બે અકસ્માતમાં બેના મોત

એસબીપુરા પાટિયા પાસે અને ખરોડીયા ગામ નજીક અકસ્માત: ૫ થી વધુ ઘવાયા

સંજય જોષી

પાલનપુર

પાલનપુર અમદાવાદ હાઈવે પર એસબીપુરા પાટિયા પાસે સુરતના પરિવારને અકસ્માત નડ્યો હતો. કારનું ટાયર ફાટતા ૧નું મોત થયું હતું. જયારે ૫ લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત પાલનપુર તાલુકાના ખરોડીયા ગામ નજીક ઈકો અને કાર વચ્ચે અકસ્માત થતાં એકનું મોત થયું હતું જયારે બેને ઈજાઓ થવા પામી હતી.જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

સુરતના ખત્રી પરિવાર રાજસ્થાન જઈ રહ્યો હતો. ત્યારે તેઓને અકસ્માત નડ્યો હતો. એસબીપુરા પાટિયા પાસે આઈટેન ગાડીનું ટાયર ફાટતા ગાડી બાજુની ચોકડીઓમાં પટકાઈ હતી. જે અકસ્માતમાં ૧ વ્યક્તિનું મોત નિપજ્યું હતું. જયારે ૫ લોકો ઘાયલ થયા હતા. જે ઘાયલોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મૃતક અને ઘાયલો ની યાદી

ક્રીશ ચેતનભાઈ સોનેજી ઉ.વ.૧૧, નાથાલાલ નાગજીભાઈ કીરી ઉ.વ.૬૧, અક્ષય યોગેશભાઈ સોનેજી ઉ.વ.૨૨, યોગેશભાઈ ભગવાનભાઈ સોનેજી ઉ.વ.૪૬, પ્રદીપભાઈ ધુડાલાલ ખત્રી ઉ.વ.૪૬, મૃતક ભગવાનભાઈ જેઠાલાલ સોનેજી ઉ.વ.૬૮ તમામ રહે. સુરત

છ ગામના ખેડુતોની હાલત કફોડી બની...

ભાભર તાલુકામાં કચ્છ બ્રાન્ચ કેનાલમાંથી તંત્રએ ખેડુતોની પાઈપો કાપી નાંખતા આક્રોશ

વનરાજસિંહ રાઠોડ

ખેતી ઉપર માઠી અસરના એંધાણ...

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર વિસ્તારમાં નર્મદા નહેર આવતા મોટાભાગના ખેડુતો ખેતરોમાં વસવાટ કરે છે. ખેતરમાં રહી પશુપાલન અને ખેતી કરીને ગુજરાન ચલાવે છે. તેમનું નર્મદા પાણી આધારિત ખેડુતો અને પશુઓનું જીવન ટકી રહ્યું છે. ત્યારે ગઈકાલે ભાભર પંથકમાંથી પસાર થતી નર્મદા નહેરની મુખ્ય કચ્છ- બ્રાન્ચ કેનાલમાં રહેલ ખેડુતોની પાઈપ તંત્ર દ્વારા અચાનક કાપી નાંખવામાં આવતા તંત્ર અને સરકાર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. આવી કાર્યવાહી તંત્ર જો ચાલુ રાખશે? તો ખેડુતો રસ્તા રોકો આંદોલન અને આત્મવિલોપન કરશે તેવી ચિમકી ખેડુતોએ ઉચ્ચારતા ચકચાર મચી છે.

ભાભર તાલુકાના ઊડાઈ, ઉજનવાડા, કપરૂપુર, ગાંગુણ, વડપગ, બેડા અને ઈન્દરવા જેવા વિસ્તારોમાં નર્મદા નહેરની મુખ્ય કચ્છ- બ્રાન્ચ કેનાલમાંથી પાઈપો દ્વારા ખેડુતો પાણી ખેંચે છે. જે પાણીથી ખેતી કરે છે. આ વિસ્તારમાં નર્મદા નહેર દ્વારા હજુ સુધી ખેડુતોને પૈસા વસુલ કરીને પાણી આપવાની વ્યવસ્થા ઉભી કરી નથી. ખેડુતો ના છુટકે નર્મદાનું પાણી મેળવીને ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરીને જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે. પરંતુ ગઈકાલે નર્મદા નહેરના અધિકારીઓની ટીમ ભાભર તાલુકાના છ ગામના ખેડુતોની પાઈપોના (તોટા) કોઈપણ જાણ કર્યા વગર આડેધડ પોલીસ પાર્ટી સાથે કાપવાની કામગીરી કરતા ખેડુતોમાં રોષની લાગણી ભભુકી ઉઠી હતી. ખેતીને હવે છેલ્લુ પાણી આપવાનું હોઈ પાણી તંત્ર દ્વારા બંધ કરવામાં આવતા ખેડુતોની હાલત દયનીય બની ગઈ હતી. પાઈપો કાપવાની કાર્યવાહી ચાલુ થતાં ખેડુતો મોટી સંખ્યામાં કેનાલ ઉપર દોડી આવ્યા હતા. પાણી ખેડુતોને નહી મળે? તો ખેડુતોના મોઢે આવેલ કોળીયો ઝુંટવાઈ જશે અને ખેતી પાક ઉપર માઠી અસર વર્તાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ખેતરમાં રહેતા ખેડુતો અને પશુઓને પીવા માટે પાણીની પણ હાડમારી વધે તેવી ખેડુતોની ફરિયાદો ઉઠી રહી છે. તંત્ર દ્વારા અચાનક પાણીની પાઈપો કેનાલ ઉપરથી કાપવામાં આવતા ખેડુતોમાં તંત્ર અને સરકાર સામે ભારે આક્રોશ ફેલાયો છે.

આ બાબતે નર્મદા નહેર અધિકારી રાધનપુર શાખાને ટેલીફોનથી સંપર્ક કરતા જણાવેલ કે નર્મદા કેનાલનું પાણી છેવાડાના વિસ્તારસુધી પહોંચતું નથી અને ખેડુતો પાણીનો ખોટો બગાડ કરે છે. નર્મદાનું પાણીથી ખાડાઓ ભરીને ખેડુતો પાણી બગાડતા હોવાથી નર્મદા નહેરની કચ્છ- બ્રાન્ચ કેનાલ ઉપર ગેરકાયદે રહેલ પાઈપો દુર કરવાની કાર્યવાહી કરી છે.

આ બાબતે ઉજનવાડા ગામના માજી સરપંચ પુંજીરામભાઈ રાવલે જણાવેલ કે અમો ખેડુતોને તંત્ર દ્વારા કોઈપણ જાતની જાણ કર્યા વગર આડેધડ પાઈપો કાપવાની કામગીરી હાથ ધરતા ખેડુતોમાં હોબાળો મચી ગયો છે. મોટાભાગના ખેડુતો ખેતરમાં વસવાટ કરે છે. પાણી બંધ કરવામાં આવતા ખેડુતો અને પશુઓને પાણી પીવાની મોટી સમસ્યા સર્જાઈ છે. તંત્ર દ્વારા તોટા કાપવાનું બંધ કરવામાં નહીં આવે? તો અમો રસ્તા રોકો આંદોલન કરીશું.

ડીસા સહિત રાજ્યમાં ફરી તીવ્ર ઠંડીનુ મોજુ ફેલાયુ

ડીસા

અમદાવાદ અને ગાંધી નગર સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થતાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે.અમદાવાદ શહેર અને રાજ્યના અન્ય વિસ્તારોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. નલિયા ફરી એકવાર ઠંડુગાર થયુ છે. અમદાવાદમાં સવારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થયો છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૧.૮ ડિગ્રી થયું હતુ. જયારે પાટનગર ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

બેસણું

સ્વ. રાણીબેન વાસીભાઈ લોઢા
સ્વ.તા.૧૯/૧/૨૦૧૮

આમારા પૂજ્ય માતૃશ્રી સ્વ. રાણીબેન વાસીભાઈ લોઢાનું તા. ૧૯/૧/૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સમાજના રીત રીવાજ મુજબ તા. ૨૨/૧/૧૮ ને સોમવારના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળઃ- મુ.પો વડાવળ, તા.ડીસા, જિ.બ.કાં.
મો. ૯૫૫૮૪ ૩૫૯૧૪

લિ.
લોઢા ગમનભાઈ વાસીભાઈ - પુત્ર
લોઢા જોમાભાઈ વાસીભાઈ - પુત્ર
લોઢા ધુડાભાઈ વાસીભાઈ - પુત્ર
લોઢા જીવાભાઈ વાસીભાઈ - પુત્ર
નોગોહ મોહનભાઈ મલાભાઈ - જમાઈ (લોરવાડા)
લોઢા દશરથભાઈ ગમનભાઈ - પૌત્ર
(મહામંત્રી, ડીસા તાલુકા કોંગ્રેસ
લોઢા માવજીભાઈ જોમાભાઈ - પૌત્ર
(સરપંચશ્રી, વડાવળ)
લોઢા ભુરાભાઈ ગમનભાઈ - પૌત્ર
લોઢા રમેશભાઈ જોમાભાઈ પૌત્ર
લોઢા અરવિંદભાઈ જીવાભાઈ - પૌત્ર
(ચેરમેનશ્રી, વડાવળ પ્રા.કૃષિ સેવા મંડળી)
લોઢા હેમંતભાઈ ગમનભાઈ (બેંન્કર) પૌત્ર
લોઢા કિરણભાઈ જીવાભાઈ - પૌત્ર
લોઢા રમેશભાઈ ધુડાભાઈ - પૌત્ર
નોગોહ પ્રવિણભાઈ મોહનભાઈ - ભાણેજ
નોગોહ હિંમતભાઈ મોહનભાઈ - ભાણેજ

ફર્મ :- મહાવીર કોલ્ડ સ્ટોરેજ, જયવીર કોલ્ડ સ્ટોરેજ, વડાવળ

સૂર્યોદય - ૭.૨૫ સૂર્યાસ્ત - ૬.૧૯

તિથિદર્શન

મહા સુદ-૪ રવિવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા સુદ :ચોથ રવિવાર નક્ષત્ર:પૂર્વ ભાદ્રપદ યોગ :વરીયાન કરણ : બવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.)રાત્રે ૧૨.૪૪ પછી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

અતિ દાનાત્બલિર્બધ્ધા હ્યતિમાનાત્સુયોધન: વિનષ્ટો રાવણો લોભ્યાદતિ સર્વત્ર વર્જયેત

કોઈ પણ બાબતમાં 'અતિરેક' કરવો નહીં અતિરેકથી 'નાશ' થાય છે:

'વધારે પડતાં દાનથી બલિરાજાને બંધનમાં મૂકાવું પડ્યું, વધારે પડતો લોભ કરવાથી રાવણનો નાશ થયો. માટે કોઈ પણ બાબતમાં 'અતિ' વધારે પડતું, કંઈ પણ કરવું નહીં.'

આજકાલ નેતાઓ- અભિનેતાઓ- સરકારી સાહેબો અને ઉદ્યોગપતિઓ સામાન્યતઃ પોતાના વૈભવનો ખાસ પ્રસંગે ખૂબ દેખાડો કરતા હોય છે. લગ્ન- જમણ પાર્ટી- ભેટ સોગાદો આપવી, દારૂખાના ફોડવાં એમાં એમની સમૃધ્ધિ છલકતી હોય છે અને એમનો છૂપો ઈરાદો 'ઝલક' દેખાડવાનો ખાસ હોય છે. આવા અતિરેકથી બીજો કોઈ તો જુએ કે ન જુએ પણ 'ઈન્કમટેક્ષ' વાળા ચાર આંખે જુએ છે અને પછી 'બંધન'માં આવે છે.

કોઈ પણ બાબતમાં અતિરેક હાનિકારક છે, કસરત કરવી, ખોરાક ખાવો, વાતો- બોલબોલ, મોબાઈલ ઉપયોગ, હસાહસ, મસ્તી- મજાક, ગાંભીર્ય આ બધી આ બાબતો 'અતિ'માં મજા નહીં.

અહીં પ્રાચીન દૃષ્ટાંતોથી આ વાત સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ : (બ.વ.ઉ.) આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન : (ક.છ.ઘ.)વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક : (ડ.હ.) નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ : (મ.ટ.)સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા : (પ.ઠ.ણ.) માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા : (ર.ત.) અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક : (ન.ય.)કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન : (ભ.ફ.ધ.) માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર : (ખ.જ.)શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ : (ગ.શ.સ.) અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન : (દ.ચ.જ.થ.)કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

ક્રાન્તિકારી શ્રી રાસબિહારી બોઝની આજે પુણ્યતિથિ છે. એમનો જન્મ ૨૫-૧-૧૮૮૬ના રોજ બંગાળના એક નાનકડા સામાન્ય કુટુંબમાં થયો હતો.

દિલ્હીમાં ભારતના વાઈરોય લોર્ડ હાર્ડિગ્ઝ ઉપર ચાંદની ચોકના ભરચક લત્તામાં રાસબિહારીએ બોમ્બ ફેંકી ક્રાન્તિકારી તરીકેની જવલંત કારકિર્દિનો આરંભ કર્યો. વાઈસરોય થોડા ઘવાયા પણ બચી ગયા અને રાસબિહારી લોકજીભે રમતા થઈ ગયા. એમણે ૧૯૨૪માં 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગ' નામની સંસ્થાની ટોકિયોની સનો હોટલમાં સ્થાપના કરી. વિદેશમાં વસતા ભારતીયોનું એક મજબુત સંગઠન ઉભુ કર્યું. એમણે પણ 'આઝાદ હિંદ ફોજ' ની સ્થાપના કરી. જાપનમાં રહીને રાસબાબુએ જાપાની ભાષા આત્મસાત કરી ૧૬ જેટલા પુસ્તકો એ ભાષામાં લખ્યા. આ મહાન ક્રાંન્તિકારીનું ૨૧-૧-૧૯૪૫ ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ડીસાના નાગફણા ગામે શ્રી ગોગા મહારાજનો પાંચમો પાટોત્સવ ઉજવાયો

નરસિંહ દેસાઈ, વિનોદ બાંડીવાલા

હવન - રમેલમાં દર્શનનો લાભ લેવા હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટ્યા

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના નાગફણા ગામે બિરાજમાન શ્રી નાગફણીયા ગોગા મહારાજના પાંચમા પાટોત્સવ નિમિત્તે મહાસુદ-૨ ને શુક્રવારે રાત્રે રમેલ (રાત્રિ જાગરણ) અને શનિવારે સવારે હવન યોજવામાં આવ્યો હતો. શ્રી ગોગા મહારાજના પાટોત્સવ નિમિત્તે દર્શનનો લાભ લેવા હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટ્યા હતા.

ડીસા તાલુકાના નાગફણા ગામે શ્રી નાગફણીયા ગોગા મહારાજનું પ્રાચીન સ્થાનક આવેલું છે. જ્યાં દર મહિને અજવાળી પાંચમના દિવસે શ્રધ્ધાળુઓની દર્શન માટે ભારે ભીડ જામે છે. સમસ્ત નાગફણાના ગ્રામજનોના સાથ અને સહકારથી છેલ્લા પાંચ વર્ષથી શ્રી ગોગા મહારાજના પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે મહા સુદ-૨ ને શુક્રવારે શ્રી ગોગા મહારાજની રમેલ (રાત્રિ જાગરણ) અને શનિવારે સવારે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. રમેલમાં શ્રી નાગફણીયા ગોગા મહારાજના ભુવાજી શ્રી પરબતભાઈ દેસાઈએ પધારેલ તમામ ભાવિક ભક્તોને આશિર્વચન પાઠવ્યા હતા. જ્યારે શનિવારે યજ્ઞમાં પણ હજારોની સંખ્યામાં લોકોએ હાજર રહી દર્શન તેમજ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રી નાગફણીયા ગોગા મહારાજના ભુવાજી પરબતભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સમસ્ત ગ્રામજનોના સાથ અને સહકારથી ગોગા મહારાજના પાંચમા પાટોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. દર મહિને અજવાળી પાંચમના દિવસે હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે પધારે છે અને ગોગા મહારાજ પણ ભાવિક ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના જાણદી ગામના નારણભાઈ કાળાભાઈ પટેલ તા.૩૦ મી ડીસેમ્બર, ૨૦૧૭ ના રોજ મુંબઈ ખાતે યોજાયેલ અસ્પી એગ્રીકલ્ચર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા અસ્પી એલ.એમ.પટેલ ફાર્મર ઓફ ધ યર એવોર્ડ - ૨૦૧૫ નો રાઈના પાક ઉપર રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ ડો.કે.એલ.ચઢ્ઢા, ડાયરેકટર, નેશનલ હોર્ટીકલ્ચર બોર્ડ, ભારત સરકાર દ્વારા એનાયત કરવામાં આવેલ. નારણભાઈ પટેલ વર્ષ ૨૦૧૫ માં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સ.દાં.કૃ.યુ, ડીસાની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિના સભ્ય હતા તેમણે કેવી કે, ડીસાના માર્ગદર્શન હેઠળ વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અપનાવી રાઈની ખેતીમાં મબલખ ઉત્પાદન મેળવી અનોખી સિધ્ધી હાંસલ કરેલ. નારણભાઈ પટેલને આ સિધ્ધી સાથે ગુજરાત સરકાર દ્વારા 'કૃષિના ઋષિ નું બિરુદ, આત્મા યોજના તરફથી 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' નૂતન ભારતી, મડાણા (ગઢ) દ્વારા ફાર્મર એવોર્ડ અને એસ.આર.કે. ફાઉન્ડેશન દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મહામહિમ રાજયપાલ ઓ.પી.કોહલીના હસ્તે પણ ફાર્મર એવોર્ડ આપવામાં આવેલ. તેઓ સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિતગર, ખેડૂત તાલીમ કેન્દ્ર અને આત્મા યોજનાના વિવિધ કૃષિ કાર્યક્રમોમાં સક્રિય ભાગ લઈ ખેડૂતોને માર્ગદર્શન આપી મદદરૂપ થાય છે. નારણભાઈ આકાશવાણીના વડોદરા તથા રાજકોટ કેન્દ્ર પરથી પણ ખેતીને લગતા યોજાતા કાર્યક્રમોમાં ભાગ લીધેલ છે. નારણભાઈ પટેલ રાઈ ઉપરાંતા જીરૂ, વરિયાળી તથા બાગાયતી પાકોની પણ વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે છે.

કોતરવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તાલીમ યોજાઈ

(પ્રતિ.) કોતરવાડા

ગત તા. ૨૦/૧/૧૭ ને શનિવારના રોજ પ્રા.આ.કે. કોતરવાડા મુકામે સઘન પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમ અંતર્ગત તાલીમનું આયોજન કરેલ. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારી બ્રિજેશભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ મે.ઓ. પ્રદિપભાઈ કે. સોલંકી દ્વારા તેમના તાબા હેઠળના પે.આ.કે.ના કર્મચારીગણ તમામ મ.પ.હે.વ, હિ.હે.વ., આશા, આંગણવાડી કાર્યકર તથા સ્વયંસેવકો તાલીમ અર્થે હાજર રહેલ અને તેમને સઘન પલ્સ પોલીયોના બે ટિપા ઝીરોથી પાંચ વર્ષના તમામ બાળકોને કેવી રીતે ટિંપા પીવડાવવા તેની માહિતી તથા ડોર ટુ ડોર પોલિયો રસીકરણ કરવુ તેની માહિતી આપવામાં આવી.

દુર્ગતિમાં પડતા આત્માને જે ધારી (પકડી) રાખે તે સાચો ધર્મઃ રાજરક્ષિત વિ.મ.

નવસારી

નવસારી- તપોવનમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં પંન્યાસશ્રી રાજ-રક્ષિતવિજયજીએ જણાવ્યું કે વિશ્વમાં તા. ૨૧ જાન્યુઆરીએ ''વર્લ્ડ રિલિજિયન ડે'' ઉજવાશે. ધર્મ માત્ર મંદિર- મસ્જીદ કે દેરાસરમાં કરવાનો નથી. જીવનના દરેક ક્ષેત્રમાં ધર્મની અસર અનુભવાવી જોઈએ. ધર્મ એટલે દુર્ગતિમાં પડતા આત્માને ધારી (બચાવી) રાખે તે ધર્મ... સંસારની સેંકડો ઉલઝનમાં આત્માને શાન્તિ- સમાધિ અને પ્રસન્નતા આપે તે ધર્મ.. ઈતિહાસકારોનું માનવું છે કે વિશ્વમાં ત્રણસોથી વધુ ધર્મ છે. ધર્મનો મુખ્ય હેતુ કરૂણા છે. દરેક ધર્મના પ્રણેતાઓ બીજાનો વિચાર કરવા ઉપર ખુબ જ ભાર મુક્યો છે. વિશ્વના તમામ જીવોને પોતાનું જીવન ખુબ વહાલુ છે. તે જીવોનો નાશ કરવો તે મોટો અધર્મ છે. ધર્મ માત્ર ધર્મસ્થાનક પૂરતો નહિ પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં દયા- કરૂણા- ઉદારતા- સદાચાર સ્વરૂપે દેખાવો જોઈએ.

પં.રાજરક્ષિતવિજયજીએ કહ્યું કે કુરાને શરીફમાં વારંવાર કહેવામાં આવ્યું છે. ''લા તુ ફસીદ'' અર્થાત્ ફસાદ ન કર કોઈપણ જીવ ઉપર જુલમ ન કર... કોઈને દુઃખ કે દર્દ ન આપ ,ઝગડો ન કર, પોતાની ખરાબ વૃત્તિઓ પર જીત મેળવવી એ મોટી જેહાદ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે, પોતાની જેમ સર્વજીવોમાં સારો ભાવ રાખવો. દરેક આત્મા પરમાત્માનું રોમટીરીયલ છે. પ્રભુ મહાવીર કહે છે કે, કોઈપણ જીવની હિંસા કરશો નહિ, દુનિયાના તમામ જીવો પામવાને ઈચ્છે છે. મૃત્યુ કોઈને ગમતું નથી. તમે બીજાને મોત આપશો તો તમને મોત મળશે. બીજાને જીવન આપશો તો જીવન મળશે. શ્રી મહાવીર પ્રભુ કહે છે કોઈપણ વ્યક્તિને અપાતો માનસિક ત્રાસ પણ હિંસા છે. સર્વધર્મયુક્ત ધર્મ મોક્ષ પ્રાપક બને છે.

ડીસા - ભોપાનગર હાઈવે ઉપર 'સ્પીડ બ્રેકર' મુકવા માંગ

જમીલ મેમણ

છેલ્લા છ મહિનામાં છ વ્યક્તિઓ અકસ્માતમાં મોતને ભેટી

પ્રતિનિધિ રાજપુર

ડીસા રેલ્વે સ્ટેશન ચાર રસ્તાથી ભોપાનગર માર્ગ પર 'સ્પીડ બ્રેકર' ન હોવાથી વારંવાર અકસ્માતો થાય છે. છેલ્લા છ મહિનામાં છ વ્યક્તિનો અકસ્માતમાં મોતને ભેટતા સ્થાનિકોમાં રોષ છવાયો છે. તેથી હાઈવે ઉપર તાત્કાલિક 'સ્પીડ બ્રેકર' બનાવવામાં આવે તેવી જનમાંગ ઉઠવા પામી છે.

ડીસા રેલ્વે સ્ટેશન ચાર રસ્તાથી ભોપાનગર જતા માર્ગ પર ટ્રક ચાલકો સહિત વાહનો પુરપાટ ઝડપે દોડતા હોવાથી વારંવાર અકસ્માતો થાય છે. આ માર્ગ પર બહુચર માતાજી તથા હનુમાનજીનું મંદિર તથા સરકારી પ્રાથમિક શાળા અને મસ્જીદ આવેલી હોવાથી દરરોજ વિશાળ સંખ્યામાં લોકો પૂજા માટે મંદિરમાં તથા શાળામાં ભણવા માટે બાળકો સ્કુલમાં તથા મુસ્લિમો નમાજ પઢવા માટે મસ્જીદમાં જતા હોય છે. ત્યારે સ્પીડ બ્રેકર ન હોવાથી વારંવાર અકસ્માતો થાય છે. આ અંગે સ્થાનિક અગ્રણી જગદીશભાઈ લોધાએ જણાવ્યું કે વારંવાર હાઈવે ઓથોરીટીને જાણ કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી. જ્યારે ઈમરાન શેખે જણાવ્યુ કે લાગતા વળગતા સત્તાધિશો દ્વારા તાત્કાલિક સ્પીડ બ્રેકર બનાવવામાં નહીં આવે તો કેટલાય લોકો મોતના મુખમાં ધકેલાઈ જશે અને તેની તમામ જવાબદારી સરકારની રહેશ. રોષે ભરાયેલા સ્થાનિક રહીશોએ હાઈવે ચક્કાજામ કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી. તો તાત્કાલિક સત્તાધિશો દ્વારા સ્પીડ બ્રેકર બનાવી લોકોને મોતના મુખમાંથી બચાવે તેવી જનમાંગ છે.

ભાભર જુના પે.કે.શાળામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર જુના પે.કે. શાળામાં તા. ૧૯/૧/૧૮ ના રોજ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં આવેલ ડૉક્ટરની ટીમમાં ડૉ.હરેશભાઈ પરમાર તથા ડૉ.કિરીટભાઈ પરમાર તથા ડૉ.નિકીતાબેન પુરણિયા તથા મદદનીશ કાર્યકરોમાં પરમાર પ્રકાશભાઈ તુલસીભાઈ તથા મહેશભાઈ કે. પટેલ તથા ગીતાબેન પી.ચૌધરી તથા આશાવર્કર બહેનો પણ ઉપસ્થિત રહેલ. પે.કે.શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી. જેમાં બાળકોમાં જોવા મળતા વિવિધ રોગ જેવા કે તાવ, શરદી, ખાંસી, પેટમાં દુઃખાવો, આંખની કમજોરી, કાનમાં રસી, દાંતમાં સડો, ચામડીના વિવિધ રોગો ઉપરાંત વિકલાંગ બાળકોની વિવિધ તકલીફો વિશે નિદાન કરી યોગ્ય સારવાર આપવામાં આવી. વધુ સારવારની જરૂરિયાતવાળા બાળકોને અલગ તારવી આગળ વધુ સારવાર માટે રીફર કરવાની નોંધ કરી યોગ્ય સારવાર મળે તેવી કાર્યવાહી કરવામાં આવી. શાળાના આચાર્ય પ્રભુભાઈ કે.રામી તથા સ્ટાફગણના સંકલનથી સમગ્ર કામગીરી સુંદર રીતે પૂર્ણ થઈ.

જુના નેસડા પ્રા.શાળામાં તીથીભોજન અપાયું

કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના જુના નેસડા પે.સેન્ટર શાળામાં તિથી ભોજન આપવામાં આવ્યું હતું. પટેલ શેફાલીબેન અદ્વૈતભાઈ (રહે.લાધણજ) પરિવાર દ્વારા શાળાના બાળકોને લાડુ, પુરી, શાક, દાળભાત વગેરેનું ભોજન પીરસવામાં આવ્યું હતું.

જુનાનેસડા, ભાવપુરા, જુનાનેસડા માધ્યામિક શાળા તેમજ કસ્તુરબા, કન્યા શાળા વગેરે મળીને ૧૫૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ - બહેનોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે ગામના સરપંચ નેસડા યુવક મંડળના સભ્યો પ્રા.શાળાના આચાર્ય દિનેશભાઈ ઠાકોર વગેરે હાજર રહ્યા હતા. આ તીથી ભોજનમાં શાળાના શિક્ષક ભાઈ બહેનોએ પણ સહયોગ આપ્યો હતો.

વડગામ નગરે ''કર્તવ્ય બોધ'' દિવસની ઉજવણી

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સંલગ્ન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ- વડગામ તાલુકો દ્વારા ગઈકાલ તારીખ ૧૯/૧/૨૦૧૮, શુક્રવારે વડગામ તા.પં. કર્મ.ધિ.ગ્રા. સહ. મંડળીના સભાખંડમાં તાલુકા શિક્ષણાધિકારી જી.એન. દેશમુખની અધ્યક્ષતામાં કર્તવ્યબોધ દિવસની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા સિધ્ધાર્થભાઈ બ્રહ્મભટ્ટે (ઉપાસના વિદ્યાલય પાલનપુર) સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોજના જીવન-કવનની વિસ્તૃત માહિતી આપી હતી. ગુજરાત રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મહામંત્રી રતુભાઈ એમ. ગોળ, શૈક્ષિક મહાસંઘ જિલ્લા પ્રમુખ ભુરાજી રાઠોડ, મંડળીના પ્રમુખ ભરતભાઈ પટેલ, ભરતસિંહ સિસોદીયા, અલ્પેશભાઈ ત્રિવેદી, એલ.યુ.ચૌધરી, રઘુભાઈ જેગોડાએ પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન બાબુજી રાણાએ કર્યું હતું.

અમદાવાદ ખાતે એક સાથે ૫૦૦૦ બાળકોએ બૉલીવુડ ડાન્સ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ સ્થાપ્યો

અમદાવાદ

ભારત માં સૌપ્રથમવાર અમદાવાદ ખાતે ૨૦મી જાન્યુઆરી એ એક સાથે ૫૦૦૦ બાળકો બૉલીવુડ ડાન્સ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ સ્થાપ્યો આ કાર્યક્રમમાં બૉલીવુડ અભિનેતા ગોવિંદા પણ હાજર રહ્યાં હતાં.આ કાર્યક્રમ નું આયોજન લેવલ અપ એન્ટરપ્રાઈઝ અને સાત્વિક એન્ટરટેઈન્મેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું જે ૨૦મી જાન્યુઆરી ના રોજ સવારે ૧૦ વાગ્યે જે ડી નગરવાલા પોલીસ સ્ટેડિયમ શાહીબાગ ખાતે આયોજિત કરવામાં આવ્યું.આ ઈવેન્ટ પાછળ નો અમારો હેતુ અમદાવાદ ની એક અનોખી ઓળખ ઉભી કરવાની સાથે સાથે દિવ્યાંગ બાળકો,ગરીબ બાળકો અને કેન્સર થી પીડાતા બાળકો માટે મદદરૂપ થવાનો છે.અને અમને ખુબજ ખુશી છે કે જયારે એકસાથે ૫૦૦૦ બાળકો એ ડાન્સ કર્યું ત્યારે લીજેન્ડ ગોવિંદા પણ ત્યાં ઉપસ્થિત હતાં.આ ઈવેન્ટ માં અમે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ નોંધાવ્યું.''

આલ્ફા કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ફૂડ(લંચ) ડોનેશન

આલ્ફા કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સામાજિક સુધારાઓ કરવા અને મજબૂત સમુદાય અને સામાજિક લાભો બનાવવા માટે સતત પ્રયાસમાં છે. તેમના સતત પ્રયત્નોની શ્રેણી ચાલુ રાખતાં, આલ્ફા કોલેજના વિદ્યાર્થીઓએ તાજેતરમાં વંચિત સમુદાયો માટે શિયાળાના કપડાંનું દાન કર્યું હતું, અંધ અપંગ કલ્યાણ કેન્દ્ર, ઘાટલોડિયા, અમદાવાદમાં આલ્ફા કોલેજના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝ દ્વારા, લગભગ ૭૦ અંધ અને શારીરિક અશક્ત પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા અને ટ્રેનિંગ સેન્ટર હોસ્ટેલ માટે ભોજન આપ્યું હતું. મેનેજમેન્ટના ઊંડા સહકાર સાથે, આલ્ફા કોલેજના વિદ્યાર્થીઓ હંમેશા સામાજિક પ્રવૃતિઓમાં આગળ છે અને જોય ઓફ ગિવીંગ સાથે સામાજિક રચનાના આનંદનો અનુભવ કરે છે.

સિનેપોલિસે ભારતના પ્રથમ વાયરલેસ વર્ચુઅલ રિયલિટી લૉન્જની શરૂઆત કરી

પ્રથમ આંતરરાષ્ટ્રીય અને વિશ્વના દ્વિતીય સૌથી મોટા મૂવી થિયેટર સર્કિટ સિનેપોલિસે ફિલ્મ દર્શકો માટે આકર્ષક અને ઈન્ટર એક્ટિવ વર્ચુઅલ રિયલિટી (વીઆર) સામગ્રીને ઉપલબ્ધ કરાવવાના હેતથી સિનેપોલિસ સીજન્સ મૉલ, પુણેમાં ભારતના પ્રથમ ઉત્કૃષ્ટ વાયરલેસ વીઆર ગેમિંગ ઝોનની શરૂઆત કરી છે. સિનેપોલિસમાં અમે અમારા દર્શકોને વિશેષ ગ્રાહક અનુભવ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છીએ. સિનેપોલિસ પુણેમાં ભારતના પ્રથમ વાયરલેસ ગેમિંગ ઝોનની શરૂઆત કરતા અમને ગર્વ થઇ રહ્યું છે. અમે ધીરે-ધીરે આ સુવિધાને અન્ય શહેરોમાં પણ ઉપલબ્ધ કરાવીશું. સિનેપોલિસ વીઆરે વર્ચુઅલ રિયલિટીની ભૂમિકાને પુનઃ પરિભાષિત કરી છે, જ્યાં અનેક વીઆર ટેકનોલોજી માત્ર એક સાધારણ રીતે શ્રેષ્ઠ વ્યૂઈંગ અનુભવ ઉપલબ્ધ કરાવે છે, ત્યાં સિનેપોલિસ વીઆર દર્શકોને એક અભૂતપૂર્વ, સંપૂર્ણ રીતનું મનમોહક ફુલ-મોશન, ઈન્ટરએક્ટિવ અનુભવ ઉપલબ્ધ કરાવીને સમગ્ર રમતને જ બદલી નાંખે છે.

BYJU'S - ધ લર્નિંગ એપ્લિકેશનમાં આલ્ફા કોલેજની કોમ્પ્યુટર એન્જીનિયરિંગની વિદ્યાર્થીની રશ્મીન ભલ્લાની પસંદગી થઈ

આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી ઔદ્યોગિક તાલીમ અને જોબ પ્લેસમેન્ટને ટેક્નિકલ સંસ્થાના નિર્ણાયક અને અભિન્ન પાસાં તરીકે માને છે અને ઔદ્યોગિક અપેક્ષાઓ સાથે વિદ્યાર્થીની કારકિર્દીની મહત્વાકાંક્ષાને આકાર આપવાની સારી રીતે ઘડાયેલી અને વ્યવસ્થિત પ્રક્રિયા છે. આલ્ફા કોલેજમાં તાલીમ અને પ્લેસમેન્ટ સેલ (T&P Cell) સારી રીતે સજ્જ છે અને સંપૂર્ણ સમયથી લાયક અને સારી રીતે અનુભવી તાલીમ અને પ્લેસમેન્ટ અધિકારી દ્વારા સંચાલિત છે. કેમ્પસના ઈન્ટરવ્યુ તેમજ ઑફ-કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ્સ નિયમિતપણે વિદ્યાર્થીઓની પ્લેસમેન્ટ્સ અને કારકિર્દી બિલ્ડિંગ માટે પ્રતિષ્ઠિત કંપનીઓ અને સંગઠનોને આમંત્રણ દ્વારા આયોજીત કરે છે. ટી એન્ડ પી સેલ વિદ્યાર્થીના નરમ કૌશલ્ય વિકાસ, તાલીમ અને પ્લેસમેન્ટના કાર્યમાં કામ કરે છે અને હંમેશા ૧૦૦% પ્લેસમેન્ટ્સ મેળવવાનો પ્રયાસ કરે છે. આ પ્રયાસોથી, આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરીંગ અને ટેક્નોલૉજીને તેમના વિદ્યાર્થીઓ કારકિર્દીમાં આશ્ચર્યજનક ઊંચાઈ જોવાનો આનંદ મળે છે.તાલીમ અને પ્લેસમેન્ટ સેલ મારફત ૯ લાખ રૂપિયાના પેકેજ સાથે BYJU'S - ધ લર્નિંગ એપ્લિકેશન માં આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજીના કોમ્પ્યુટર એન્જીનિયરિંગની વિદ્યાર્થીની રશ્મીન ભલ્લાની પસંદગી થઈ. ગુજરાતમાં ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઆ ઉપસ્થિત રહ્યા હતાં, તોમાંથી ૨૫ વિદ્યાર્થીઓને ગ્રુપ ડિસ્કશન માટે પસંદ કરવામાં આવ્યા હતાં. અંતિમ ઈન્ટરવ્યૂ પછી પસંદ થયેલ વિદ્યાર્થીએમાં આલ્ફા કોલેજના રશ્મિન ભલ્લા એક છે.સમગ્ર આલ્ફા કોલેજ પરિવાર તેને અભિનંદન આપે છે

NCPA પ્રસ્તુત કરે છે શહેરની સૌ પ્રથમ મુંબઈ ડાન્સ સિઝન જાન્યુઆરી ૨૫ થી ફેબ્રુઆરી ૦૪, ૨૦૧૮

નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ ૨૫મી જાન્યુઆરી થી ૪ ફેબ્રુઆરીના રોજ મુંબઈ ડાન્સ સિઝન રજૂ કરે છે. પ્રથમ વાર, મુંબઈ આ પ્રકારના શાસ્ત્રીય અને લોકનૃત્ય સિઝનનું આયોજન કરશે, જે નૃત્ય ઉત્સાહી માટે ઉપયોગી બની રહેશે.આ સિઝનમાં શહેરના શ્રેષ્ઠતમ નૃત્ય કલાકારો અને સંસ્થાઓને નૃત્ય પ્રસ્તુતિઓની આસાધારણ શ્રૃંખલા બનાવવા માટે એક સાથે લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જે મુંબઈની દરેક જગ્યાઓ પર કરવામાં આવશે.મુંબઈ શહેરનો ડાન્સ સમુદાય ખૂબ જ ઉત્સાહી છે. એનસીપીએ મુંબઈ ડાન્સ સિઝનમાં લાંબા સમય સુધી ઉજવણી કરવામાં આવશે, જેમાં શહેરના શ્રેષ્ઠ નૃત્ય સમુદાયોમાં એકીકરણ થશે.''

ઓનર દ્વારા નવો ક્વેડ કેમેરા સ્માર્ટ ફોન ઓનર ૯ લાઈટ લોન્ચ કરાયો



ઓનર દ્વારા નવો ક્વેડ કેમેરા સ્માર્ટ ફોન લોન્ચ કરવામાં આવ્યો હતો, જે સેલ્ફી પ્રેમીઓ માટે અસમાંતર ઈમેજીસ પ્રદાન કરે છે. ઓનર ૯ લાઈટ ૩૨ જીબી પ્રકાર માટે રૂ. ૧૦,૯૯૯ અને ૬૪ જીબી પ્રકાર માટે રૂ. ૧૪,૯૯૯ની અત્યંત સ્પર્ધાત્મક કિંમતે રજૂ કરવામાં આવ્યો છે.ઓનર ૯ લાઈટ ૧૮:૯ ડિસ્પ્લે સાથે ૫.૬૫-ઈંચનો સ્માર્ટ ફોન છે, જે ફ્રન્ટ અને રિયર બંને બાજુ ડ્યુઅલ કેમેરા સાથે તૈયાર કરાયો છે. આ સ્માર્ટ ફોન ઈએમયુઆઈ ૮.૦ સાથે એન્ડ્રોઈડ ૮.૦ ઓરિયો પર ચાલે છે.

ઓનર વ્યવહારુ મૂલ્ય પ્રોડક્ટોની તેની નિર્મિતી, ઉચ્ચ કક્ષાની ગુણવત્તા અને ઉચ્ચ સ્પર્ધાત્મક કિંમતે કામગીરીમાં ઉદ્યોગ આગેવાન છે. આજ કિંમતના તબક્કામાં અન્ય સ્માર્ટ ફોન્સની તુલના કરીએ તો ઓનર ૯ લાઈટ સર્વ મહત્ત્વપૂર્ણ પહોળી સ્ક્રીન, બેઝ- લેસ ડિસ્પ્લે અને ઘણી બધી ઉચ્ચ કક્ષાની વિશિષ્ટતાઓ, જેમ કે, પ્રીમિયમ ગ્લાસ બોડી, ક્વેડ- લેન્સ કેમેરા, દીર્ઘ ટકાઉ બેટરી અને બેજોડ ટકાપણું અને ગુણવત્તાના મૂલ્યના સંયોજન સાથે આગેવાન છે.

થરામાં પદ્માવતી ફિલ્મની મંજુરીને લઇ ચકકાજામ

યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરામાં રાજપુત સમાજના શ્રી મહાકાલસેનાના તેમજ કરણીસેનાના યુવાનો દ્વારા સમગ્ર ભારત ભરતમાં ચર્ચાનો વિષય બની રહેલ પદ્માવતી ફિલ્મનો વિરોધનો સુપ્રીમ કોર્ટ દ્વારા ફિલ્મ ઉપર મુકવામાં આવેલ પ્રતિબંધનો ચુકાદો કોર્ટ દ્વારા ફિલ્મ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર, હરીયાણા, રાજસ્થાન વગેરે રાજ્યોમાંફરીથી રજુ કરવાની મંજુરી મળતાની સાથે સમગ્ર ભારતમાં ઠેર-ઠેર રાજપુત સમાજમાં વિરોધ જોવા મળી રહ્યો ત્યારે આજે કાકરેજના થરામાં આવેલ નેશનલ હાઈવે નંબર-૨૭ ઉપર દર્શન હોટલ આગળ રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાના તેમજ શ્રી મહાકાલ સેનાના યુવાનો દ્વારા આજ રોજ રસ્તો રોકી ટાયરો સળગાવી આગ લગાવી હાઈવે બ્લોક કરી દેવામાં આવ્યો હતો હાઈવે બ્લોક કરાતા હાઈવે ઉપર સાધનોની ભારે ભીડ જોવા મળી હતી અને ટ્રાફીક જામ થતાં લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો થરા પોલિસે ઘટના સ્થળે આવી થરા પાલિકા ફાયર ફાયટર દ્વારા આગ ઓલવી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. તેમ છતાં જો ફિલ્મ રજુ કરવામાં આવશે તો હજુ વધુ ઉગ્ર આંદોલન કરવાની યુવાનો દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી હોવાનું ચર્ચાય છે.

કાંકરેજ તાલુકાના કાકર ગામે કુટુંબી ભાઈ ઝગડતા ૩ ઘવાયા

વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના કાકર ગામે માતાજીની રમેલ યોજાઈ હતી. જે બાબતે રાત્રે માતાજીની રમેલમાં ભોજન પ્રસાદ લેવા અને બોલાવવા બાબતે કુટુંબમાં બોલાચાલી થઈ હતી. જેમાં બહારગામથી આવેલા મહેમાનો પણ ઝગડાનો ભોગ બનવા પામ્યા હતા. રાત્રે રમેલ યોજાઈ અને સવારે તેલફૂલ અને ભોજનની બાબતે માથાકુટ થઈ હતી. જેમાં જેણીબેન સાજુભા વાઘેલા (ઉ.૫૦), શંભુજી મોબતાજી વાઘેલા (ઉ.૬૦) રે. જાવલ તા. ડીસા (૩) વાઘેલા ગીતાબેન વિક્રમસિંહે (ઉ.૩૫) રે. ઉંબરીને લાલસીંગના કુટુંબીઓએ મારમાર કરી ઈજાઓ પહોંચાડતા ૧૦૮ ને ફોન કરતાં પાયલોટ જીતુભાઈ ચૌહાણ, ઈ.એમ.ટી. અશોક દરજી કાકર ગામે ઘટના સ્થળે જઈને ત્રણેય ઈજાગ્રસ્તોને થરા રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે લવાયા હતા. જેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જે બાબતે શિહોરી પી.એસ.આઈ. જી.કે. જાડેજા થરા રેફરલ ખાતે જઈ ઈજાગ્રસ્તોના નિવેદનો લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

દીઓદરમાં વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગદળ દ્વારા વિરોધ પ્રદર્શન

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

સમગ્ર ગુજરાતમાં તાજેતરમાં રીલીઝ થયેલ પદ્માવતી ફીલ્મનો ઠેર- ઠેર વિરોધ થઈ રહ્યો છે જે અંતર્ગત ગઈકાલે દીઓદર ખાતે પણ વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ દીઓદર પ્રચંડ દ્વારા સાંજે ૫ કલાકે દીઓદર આદર્શ હાઈસ્કુલ પાસે રોડ ઉપર સૌ કાર્યકરો એકઠા થઈ ટાયરો સળગાવી રોડ ઉપર ટ્રાફીક જામ કરી પદ્માવતી ફીલ્મનો વિરોધ કર્યો હતો.આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો જોડાયેલ.જેમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગળ દળના સભ્યો એકઠા રહી વિરોધ દર્શાવેલ.

થરા નગરે પૂ.ગુરૂ ભગવંતોના સામૈયા સાથે મુમુક્ષુ ચિ.પાર્થ (બિટ્ટુ) નો દિક્ષા મહોત્સવ

યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા પાવાપુરી સોસાયટી ખાતે ઉંઝા કોલેજના નિવૃત પ્રોફેસર કે.એલ.શાહના પૌત્ર ચિ.પાર્થ (બિટ્ટુ) મેહુલકુમાર શાહ આ માયાવી સંસારનો ત્યાગ કરી તપોવન અને પરિવાર ગુરૂગણ સહાધ્યાયી મિત્રોના ઉમદા સંસાર સીંચન થકી જૈન ધર્મના પ્રચાર - પ્રસારાર્થે દિક્ષા ગ્રહણ કરવાનો દ્રઢ નિર્ણય કરતા યુગ પ્રધાન આચાર્ય સમપંન્યાસ પ્રવર શ્રી ચન્દ્ર શેખર વિજયજી મ.સા.વૃંદમાં સામેલ થશે ગઈકાલે શનિવારે થરા નગરના પાવાપુરી સોસાયટી ખાતે ગુરૂ ભગવંતોના નગર પ્રવેશ સામૈયાની ભવ્ય શોભાયાત્રા નિકળેલ જેમાં જૈન - જૈનેતર ભાઈ - બહેનો જોડાઈ ગુરૂ ભગવંતોનું ભવ્ય સ્વાગત કરી નગર પ્રવેશ કરાવેલ મુમુક્ષુ ચિ.પાર્થ (બિટ્ટુ) પણ સામેલ થયેલ. જૈન ઉપાશ્રય ખાતે ગુરૂભગવંતોની પધરામણી બાદ પ્રાસંગીક પ્રવચન સામે દિક્ષા મહોત્સવનો શુભારંભ થયો હતો. બપોરે ભક્તામર પૂજન પંડીત પ્રવિણભાઈએ કરાવેલ રાત્રે મુમુક્ષુ ચિ.પાર્થનું બહુમાન અને તપોવની બાળકોએ સ્ટેજ પ્રોગ્રામ કરી સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા.

ગઈકાલે સવારે ૯.૦૦ વાગે મુમુક્ષુ ચિ.પાર્થ (બિટ્ટુ) દિક્ષાર્થીનો ભવ્ય શોભાયાત્રા વરઘોડો નિકળશે જે નગરના જાહેર માર્ગો પર ફરી પાવાપુરી સોસાયટી ખાતે આવશે બપોરે બેઠુ વર્ષીદાન મામાનું મામેરૂ અંતિમ વાયણું વીરની વિદાય - સમારંભ જેવા કાર્યક્રમો યોજાશે ચિ.પાર્થ (બિટ્ટુ) આવતીકાલે સવારે ૬.૦૦ ના શુભ મુહુર્ત ગૃહત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ પણ તરફ પ્રયાણ કરશે.

શારિરીક શિક્ષણ અને ચિત્ર શિક્ષણની યોગ્યતા ધરાવતા ઉમેદવારોની માંગણી ધ્યાને લેવા માંગ

ડીસા ધારાસભ્યને લેખિત રજૂઆત કરાઈ

ભરત સુંદેશા

ડીસા

ગુજરાત ચૂંટણી પહેલા સરકાર દ્વારા ખાત્રી આપવામાં આવી હતી કે, શારીરીક શિક્ષણ અને ચિત્ર શિક્ષણ વિષયોની ભરતી આર.ટી.ઈ.એક્ટ - ૨૦૦૯ ના નિયમ મુજબ કરવામાં આવશે કેમ કે આર.ટી.ઈ.એક્ટ - ૨૦૦૯ મુજબ આ વિષયોને અંશકાલીન કરવામાં આવેલ છે. અને જેનો અર્થ પાર્ટ ટાઈમ ઈન્ટ્રકશન થાય છે. તેમ છતાં ઉચ્ચ પ્રાથમિક / પ્રાથમિક વિભાગમાં પ્રવાસી શિક્ષકો તરીકે ભરતીની જાહેરાત આપવામાં આવેલ તે નિયમ મુજબ ન હોવાથી આ વિષયના ઉમેદવારોની લાગણીઓ દુભાઈ છે. આથી માનદ્ વેતનથી પ્રવાસી શિક્ષક તરીકે શારિરીક શિક્ષણ અને ચિત્ર શિક્ષકોની નિમણુંક કરવાનો જે શિક્ષણ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે તે અંતર્ગત તેમની માંગણીઓ ધ્યાને લેવામાં આવે અને તેમાં સુધારો કરી આર.ટી.ઈ.એક્ટ - ૨૦૦૯ કલમ નં.૧૯ અને ૨૫ મુજબ અંશકાલીન તરીકે નિમણુંક કરવા અંગેનો ફરીથી નિયમ મુજબનો આદેશ આપવામાં આવે તેવી માંગ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૦૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે તા.૧/૪/૨૦૧૦ થી મફત અને ફરજીયાત બાળ શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ અમલમાં મુકવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

ધાનેરા હાઈવે ઉપર ટાયરો સળગાવતા ટ્રાફિકજામ

કરણીસેના અને મહાકાલ સેનાનો ‘પદમાવત’ ફિલ્મનો વિરોધ

એન.કે.મોદી

તા.પ્રતિ ધાનેરા

સુપ્રિમ કોર્ટે વિવાદાસ્પદ ફિલ્મ ‘પદમાવત’ ને રજૂ કરવાનો આદેશ કરતા રાજયભરમાં વિરોધનો વંટોળ પેદા થયો છે. જે સંદર્ભે ધાનેરામાં પણ કરણીસેના અને મહાકાલ સેનાના કાર્યકરોઓ. અગ્રવાલ ત્રણ રસ્તે ટાયરો સળગાવી વિરોધ વ્યક્ત કર્યો હતો. જેના કારણે રેલ્વે પુલ ઉપર ટ્રાફિક ચક્કાજામ થયું હતું. જેથી દોડી આવેલી પોલીસે ૨૦ થી વધુની અટકાયત કરી હતી. જેમાં ચંદનસિંગ મકજી દેવડા (ચારડા - કોષાધ્યક્ષ), નરપતસિંગ જબરસિંગ પરમાર (અધ્યક્ષ), ભોપાલસિંગ છેલસિંગ સોલંકી (જડીયા- ઉપાધ્યક્ષ) વગેરેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઓઢા ગ્રામપંચાયત સરપંચ પદ માટે ૩ ફોર્મ ભરાયા

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દિયોદર તાલુકામાં ગ્રામપંચાયત ચૂંટણી માં આજે ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી મા ઓઢા ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે ૩ ફોર્મ આવેલ જ્યારે વોર્ડ ૪ માં ૨ ફોર્મ તેમજ ૬ નંબર વોર્ડ માં ૩ ફોર્મ જ્યારે વોર્ડ ૧,૨,૩,૫,૭,૮ માં એક એક ફોમ આવતા બિનહરીફ થયા હતા જ્યારે અન્ય જાડા અને વાતમ ગ્રામપંચાયત ના વોર્ડ ની ખાલી જગ્યાઓ ઉપર બને ગામો માં એક એક ફોમ આવતા બિન હરીફ થવા પામેલ છે. તેમજ ડુચકવાડા, ચિભડા, વખા, રૈયા, લુદ્રા, પાલડી સહિત ના ગામોમાં ખાલી પડેલા વોર્ડમાં એક પણ ફોમ ના આવતા ફરીવાર વોડ ખાલી રહેવા પામેલ છે. જ્યારે ઓઢા ગ્રામપંચાયત ની ચૂંટણી યોજાશે અને ૨૩ તારીખે ચૂંટણી કે પછી સમરસતા થશે તે નક્કી થશે.

બનાસકાંઠા જીલ્લાના બે દૂરદર્શન ટીવી રીલે કેન્દ્રો બંધ કરવા કરાયો આદેશ

અંબાજી અને પાલનપુર માં ૩૧જાન્યુઆરી થી રીલે કેન્દ્રોથી પ્રસારણ સેવા બંધ થશે

પાલનપુર

ભારત સરકાર ની વિવિધ ઉપ્લબધીયો ,પ્રજાલક્ષી સરકારી યોજનાઓ તેમજ સરકારે પ્રજાલક્ષી કરેલી કામગીરી ના અહેવાલો પ્રજા સુધી ટીવી માધ્યમ થી પહોંચી શકે તેમાટે ભારત સરકાર દ્વારા વિવિધ સ્થળોએ દૂરદર્શન ચેનલ સરળતા થી જોઈ શકાય તે માટે રીલે કેન્દ્રો સ્થાપિત કરાયા હતા જોકે કોઈપણ કારણો વર્ષ મોટા ભાગ ના આવા દૂરદર્શન ટીવી રીલે કેન્દ્રો પ્રશ્ર ભારતી બોર્ડ દ્વારા બંધ કરવાનો નિર્ણય લેવાયો છે જેને લઇ બનસકાંઠા જિલ્લા માં આવેલા અંબાજી અને પાલનપુર ના પ્રસારભારતી ના બે દૂરદર્શન ટીવી રીલે કેન્દ્રો પર ની પ્રસારણ સેવાઓ આગામી તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ ના મધ્ય રાત્રી થી બંધ કરી દેવામાં આવશે જે હવે પછી થી ડી ડી નેશનલ અને સી સી ગિરનાર ની સેવાઓ દૂરદર્શન ના ડી ટી એચ (ડીસત્રૃ ના માધ્યમ થી પ્રસારણ જોઈ શકાશે.

થરાદ પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

પ્રતિનિધિ થરાદ

થરાદ પોલીસે મળેલી બાતમીના આધારે આસોદર રોડ ઉપર નાકાબંધી ગોઠવી હતી. તે દરમ્યાન પુરઝડપે આવતી સ્વિફટ ગાડીને રોકાવાનો ઈશારો કરતા ચાલક ગાડી જેતડાળથી થરાદ બાજુ ભગાડી ગયો હતો. જેથી પોલીસે ફિલ્મી ઢબે પિછો કરતા ચાલક ખોરડા કોલેજ નજીક ગાડી મૂકી નાસી છૂટયો હતો. જો કે પોલીસે પિછો કરતા તે ભરત દયારામજી ઠાકોર (રહે. બસાણા તા.ભાભર) હોવાનું જણાવ્યું હતું. બાદમાં પોલીસે ગાડીની તલાસી લેતા તેમાં વિદેશી દારૂ અને બિયરની ૬૭૨ બોટલ (કિંમત રૂા.૬૭,૨૦૦) મળી આવી હતી. તેથી પોલીસે ગાડી અને દારૂ કબ્જે લઈ ફરાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમીરગઢ નજીકથી વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ ગાડી ઝડપાઈ

વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે.એચ. સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી ના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફના રઘુવીરસિંહ, રાજેશકુમાર, ભરતજીની ટીમેં અમીરગઢ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન બાતમી હકીકત આધારે ડાભેલાગામની સીમ પાસે બનાસ નદીના પટમાં નાકાબંધી કરી સ્વીફ્ટ ગાડી નં.જીજે. ૦૧. એચ.એમ.૦૫૭૭ની પકડી પાડતા તેની ગાડીમાં જોતા વિદેશી દારૂ પેટી નગ ૬ બોટલ નંગ-૭૨ કી.રૂ ૨૮,૮૦૦/-નો તથા ગાડીની કિ. રૂ.૨,૫૦,૦૦૦ /- તથા મોબાઈલ નગ ૩ કી.રૂ. ૩૬૦૦૦/- એમ કુલ કિ.રૂ ૩,૧૪,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ગાડીના ચાલક વિસાલસિંહ કરણસિંહ ચાવડા રહે.પિલુદ્રા તા.જિ મહેસાણા તથા રોનકકુમાર વિજયભાઈ પટેલ રહે.મોટી દઉં તા.જિ મહેસાણા તથા અભિકુમાર રાજુભાઈ પટેલ પિલુદ્રા તા.જિ મહેસાણા વાળાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પાલનપુરના જનતાનગરમાં શ્રમિકને વીજ કરંટ

પાલનપુર

પાલનપુરના જનતાનગરના સુમરાવાસમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના વીજ થાંભલા પર કામ કરી રહેલા એક ૨૫ વર્ષીય શ્રમિકને વીજ કરંટ લગતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પાલનપુરના જનતા નગરમાં વીજ કંપની દ્વારા વીજ થાંભલા ઉભા કરવાની કામગીરી ચાલી રહી છે. જેમાં કોન્ટ્રાક્ટરના હાથ નીચે કામ કરી રહેલા ૨૫ વર્ષીય ફતાભાઈ ચૌહાણ (રહે.નીચલા ઘોડા)ને વીજ કરંટ લાગતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાયો હતો.

વાવના હરિપુરા પ્લોટમાં કોમ્યુનીટી હોલનું લોકાર્પણ

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

ગત રોજ તા.૨૦/૧/૧૮ ને શનિવારના રોજ વાવ હરિપુરા પ્લોટ ખાતે જિ.પં. સદસ્ય કાંનજીભાઈ આર. રાજપુતના હસ્તે રીબીન કાપી કોમ્યુનીટી હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિ.પં.સદસ્ય કાંનજીભાઈ રાજપૂતે જણાવ્યું હતું કે આયોજનની ગ્રાન્ટમાંથી રૂા. ૩ લાખના ખર્ચે હરિપુરા પ્લોટ વિસ્તારની કડિયા શેરીમાં કોમ્યુનીટી હોલ બનાવ્યો હતો જેનું ગતરોજ લોકાપર્ણ કરી લોકો સમક્ષ ખુલ્લો મૂકવામાં આવ્યો છે. જી.પં.સદસ્ય વાવ કાંનજીભાઈ રાજપૂતે તેમની ગ્રાન્ટોમાંથી તેમના મત વિસ્તારમાં વિવિધ વિકાસના કાર્યોને વેગ આપ્યો છે.

આ પ્રસંગે કાંનજીભાઈ આર. રાજપુત સરપંચ વાવ ઠાકરસીભાઈ વેણ, તા.પં.સદસ્ય સુરેશભાઈ ત્રિવેદી, પચાણભાઈ વેણ, અલારખાનભાઈ કુરેશી, ભીખાભાઈ કુરેશી જિ.પંચાયતના પૂર્વ સદસ્ય રામસીભાઈ વેણ તેમજ કાર્યકર મિત્રો અને હરિપુરા પ્લોટ વિસ્તારના ગ્રામજનો હાજર રહ્યા હતા.

થરાદની કોલેજની વિધાર્થીનીઓએ બસ ફાળવવા બાબતે આવેદનપત્ર આપ્યું

વિધાર્થીનીઓને દોઢેક કિમી કોલેજ સુધી ચાલતાં જવું પડે છે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરથી મીઠા રોડ પર દોઢ કિમીના અંતરે સરકારી કોલેજ આવેલીછે.નગર અને ગામડાંના અસંખ્ય વિધાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અપડાઉન કરતી હોય છે.જેમને કોલેજ ના દરમિયાન બસની વ્યવસ્થા ના હોવાના કારણે ભારે હાલાકીઓનો સામનોનો કરવો પડતો હોય છે.ઘણી વખત વિદ્યાર્થિનીઓને રીક્ષા કે બસમાં ભાડુ ખર્ચીને અપડાઉન કરવું પડતું હોય છે.આ અંગે અવાર નવાર થરાદ ડેપો મેનેજરને રજૂઆત કરવા છતાં પણ કોઈ પગલાં ભરવામાં આવતા નથી.આથી હાલાકી ભોગવી રહેલી રાજ્યની વિદ્યાર્થિનીઓએ શનિવારે થરાદની પ્રાંતકચેરીમાં આવેદનપત્ર આપ્યું હતું.

જેમાં તેમણે તેમની સલામતી અંગે રજુઆત કરતાં જણાવ્યું હતું કે તેમને સવારે આઠ વાગ્યે અને બપોરે એક વાગ્યાના સમયે દરમિયાન જો બસની વ્યવસ્થા થાય તો અપલોડ કરવામાં ઘણી બધી સરળતા રહે તેમ છે.

અનુસંધાન પાના નં.૬

ડીસા-થરા હાઈવે પર સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરાઈ

ભરત સુંદેશા

ડીસા

થરા ડીસા હાઈવે પર આવેલ ટોલપ્લાઝા પાસે નેસનલ હાઈવે ઓથોરીટી અને પટેલ ઈન્ફાસ્ટ્રક્ચર કંપની દ્વારા સ્વચ્છ ભારત અભિયાન ની ઉજવણી નિમીતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ તેમજ વ્રુક્ષા રોપણ કરવામાં આવ્યુ. કાંકરેજ તાલુકામાં આવેલ નેસ્નલ હાઈવે ૨૭ પર આવેલ ભલગામ અને શિહોરી હાઈવે પર ભીલડી ટોલપ્લાઝા દ્વારા સફાઈ અભિયાન અને વ્રુક્ષા રોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો અને તારીખ ૧૬.૦૧.૨૦૧૮ થી ૩૧.૦૧. ૨૦૧૮ સુધી ટોલપ્લાઝા હોટલો અને જાહેર જગ્યા પર સફાઈ અભિયન હાથ ધરવામાં આવશે

આ અભિયાન માં નેસનલ હાઈવે પ્રોજેક ડાયરેક્ટર શ્રી પી.કે.સિંઘ નેસનલ હાઈવે ડી.જી.એમ વી.કે. ગુપ્તા રામાશંકર જા મેનેજર સાહેબ સોહનકુમાર . ગઢવી . ઈન્સિડેન્ટ મેનેજર મુકેશભાઇ જોષી . ટોલપ્લાઝા મેનેજર બીપીન ભાઈ પટેલ.d.p.m દીનેસભાઈ રાવલ. સિનીયર એન્જીનિયર નિયત અલી ખારોડીયા. અને તમામ સ્ટાફ હાજર રહી સ્વચ્છતા અભિયાન માં ભાગ લીધો હતો.

કાંકરેજ તાલુકા- જિલ્લા પંચાયતની ચૂંટણી લડવા કાર્યકરોમાં ભારે ઉત્સાહ

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકામાં આગામી તા. ૨૭/૧/૨૦૧૮ સુધી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓનું જાહેરનામું પ્રસિદ્ધ થનારૂ છે. ત્યારે તાલુકાની ૩૦ સીટો અને જિલ્લાની ૬ સીટો ઉપર ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોએ સર્વે કરી જ્ઞાતિવાઈઝ મતોના આંકડા, ગામોની સંખ્યા, મતદાર યાદીની તૈયારીઓ કરી દીધી છે. ભાજપ કોંગ્રેસ બંને પાર્ટીના ઉમેદવારોએ ટીકીટ મેળવવા માટે બાયોડેટા પણ આપી દીધા છે. હવે માત્ર ટીકીટના મેન્ડેટની રાહ જોઈ રહ્યા છે. જો કે આ વખતે તાલુકા પંચાયતની ૩૦ સીટો અને જિલ્લા પંચાયતની ૬ સીટો ઉપર ચૂંટણીને લઈ હાલમાં ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે. દરેક ઉમેદવારોએ પોતાના ‘બાયોડેટા’ તૈયાર કરી જાહેરનામું પ્રસિદ્ધ થાય તે પહેલાં જ ચૂંટણીનો પ્રચાર શરૂ કરી દીધો છે. ચુંટણી આગામી ફેબ્રુ.૨૦૧૮ માં યોજવાની છે. કાંકરેજ તાલુકાના બંને પક્ષના અગ્રણીય આગેવાનોએ કાંકરેજ પંથકમાં સર્વે કરી ચુંટણી પ્રચાર શરૂ કરી દીધો છે.

ધાનેરા ખાતે આઈ.ટી.આ દ્વારા ભરતી મેળો ભરાશે

તા.પ્રતિનિધી ધાનેરા

ધાનેરા આઈ.ટી.આઈ. દ્વારા બેરોજગારો માટે ૧૮/૧/૧૮ થી ૨૫/૧/૧૮ સુધી બેરોજગારોને રોજગારી મળી રહે તે હેતુથી ભરતી મેળાનું આયોજન કરેલ છે. જેમાં સમગ્ર રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્લેસમેન્ટ વીક ઉજવવામાં આવશે. તે માટે ધાનેરા તાલુકામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ધાનેરા સામરવાડા) ખાતે ૨૨/૧/૧૮ અને ૨૫/૧/૧૮ ના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે. જેથી તમામ આઈ.ટી.આઈ. પાસ થયેલ નોકરી ઈચ્છુક યુવાનોએ ભાગ લેવા જણાવ્યું હતું.

જોરાવરગઢમાં એક્યુપ્રેશર અને મેગ્નેટ પદ્ધતિના સારવાર કેમ્પની શરૂઆત

તા.પ્રતિનિધિ ભાભર

નવા વર્ષના શુભારંભમાં જેતસીભાઈ રાઠોડ, ગ્રામશિલ્પી-ચલાદર, ડૉ.ભગવાનભાઈ પટેલ, આચાર્ય જોરાવરગઢ પ્રાથમિક શાળા રમેશભાઈ ચૌધરી, સરપંચ બી.કે.નાયી, મંત્રી, દૂધડેરી- તથા નેશનલ યુથ પ્રોજેક્ટ એપી (ગુજરાત પ્રદેશ) દ્વારા ‘એક્યુપ્રેશર અને મેગ્નેટ પદ્ધતિની વિશાળ સારવાર કેમ્પની શરૂઆત કરવામાં આવી. આ કેમ્પનું સંચાલન ડૉ.રામ મનોહર લોહિયા-આરોગ્ય જીવન સંસ્થા એક્યુપ્રેશર સેન્ટર હનુમાનગઢ(રાજસ્થાન) તથા એક્યુપ્રેશર અને મેગ્નેટ પદ્ધતિના યુવા થેરાપિસ્ટ ડૉ.કે.એલ. લોહીયા અને ડૉ.ગોવિંદસિંઘ દ્વારા તા. ૧૫/૦૧/૨૦૧૮ થી તા. ૨૦/૦૧/૨૦૧૮ સુધી કરવામાં આવેલ છે. આ કેમ્પની અંદર બ્લડપ્રેશર, ડાયાબિટીસ, પેટના રોગો, મસા, પથરી,

અનુસંધાન પાના નં.૬

જાહેરખબર

પોલીસ અધિક્ષકશ્રી, બ.કાં., પાલનપુરની કચેરીએથી બી.એ.ડી.પી.યોજના અંતર્ગત વાવ તાલુકાના ૩૦ અને સુઈગામ તાલુકાના – ૩૦ એમ કુલ મળી ૬૦ શિક્ષિત બેરોજગાર યુવાન /યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમવર્ગો ચલાવવા સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી નીચેની શરતોને આધિન પ્રોજેક્ટ/ભાવ પત્રકો મંગાવવામાં આવે છે.

૧. સંસ્થાની સરકારશ્રીમાં નોંધણી થયેલ હોવી જોઈએ.
૨. સંસ્થા તાલીમ કાર્યક્રમ ચલાવવા સક્ષમ હોવી જોઈએ અને તાલીમ અનુરૂપ પુરતું ઈન્ફ્રાસ્ટ્રેકચર હોવું જોઈએ.
૩. સંસ્થા દ્વારા નીચે મુજબની તાલીમ આપવાની રહેશે. સરકાર માન્ય સી.સી.સી. લેવલની કોમ્પ્યુટર તાલીમ, યોગાસનની તાલીમ, પર્સનાલીટી ડેવલોપમેન્ટ અંગેની તાલીમ, થિયરી/ લેખિત/ મૌખિક પરીક્ષાની ઓપ્ટીકલ તાલીમ, ગણિત/ ભુગોળ/ ઈતિહાસ/ વર્તમાન પ્રવાહ/ ગુજરાતી સાહિત્ય અને વ્યાકરણ / પંચાયતી રાજ / વિશ્વનું સામાન્ય જ્ઞાન રમત ગમત વિગેરેની તાલીમ.
૪. તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ થયેથી જરૂરી પ્રમાણપત્રો આપવાના રહેશે.
૫. આ તાલીમના પ્રોજેક્ટ /ભાવપત્રકો મંજૂર કરવાની આખરી સત્તા પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠા, પાલનપુર નાઓની રહેશે.
૬. સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ અહેવાલ રજુ કરવાના રહેશે.
૭. જીલ્લા આયોજન અધિકારીશ્રી બનાસકાંઠા, પાલનપુર નાઓની વહીવટી મંજુરીમાં દર્શાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.
૮. બે માસની તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને રહેવા /જમવા / ચા – નાસ્તો / સ્ટેશનરી વિગેરે સાથે ઉપર જણાવ્યા પ્રમાણેની તાલીમો આપી શકે તેવી ક્ષમતા ધરાવતી હોવી જોઈએ.
૯. ભાવપત્રક /પ્રોજેકટ રીપોર્ટ તા.૨૯/૧/૧૮ ના ક. ૧૫/૦૦ સુધીમાં સીલબંધ કવરમાં નોડલ અધિકારી અને ના.પો.અધિ.શ્રી મુ.મ., પાલનપુરની કચેરીએ મોકલી આપવાના રહેશે. રજુ થયેલ ભાવપત્રકો તા.૩૦/૧/૧૮ ના ક.૧૧/૦૦ વાગે હાજર રહેલ સંસ્થાઓના અધિકૃત વ્યક્તિની રૂબરૂ ખોલવામાં આવશે. સંસ્થાના અધિકૃત વ્યક્તિ હાજર ન રહે તો ખાતા દ્વારા ખોલવામાં આવશે. ભાવપત્રકો /પ્રોજેકટ રીપોર્ટ નોડલ અધિકારી અને પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા, પાલનપુરના રૂબરૂ ખોલવામાં આવશે.

સ્થળ – પાલનપુર
તારીખ ૨૦/૧/૧૮
ક્રમાંક/નામાનિ/પાલન/૫૧૫/૨૦૧૭-૨૦૧૮

(નીરજકુમાર બડગુજર)
પોલીસ અધિક્ષક
બનાસકાંઠા પાલનપુર

તંત્રી સ્થાનેથી ...

યોગ્ય સમયે કરેલું નાનું કાર્ય પણ સાર્થક થઈ જાય છે. સમય વિત્યા બાદ કરેલા મહાન કાર્યનું પણ કોઈ મહત્વ નથી રહેતું.

ગુજરાતના કેટલાક જરૂરી પ્રશ્નોની કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત

રાજ્યમાં શહેરો અને ગામડાઓમાં ભૂલકાઓના અભ્યાસ માટે આંગણવાડી ચાલે છે. જેના કારણે બાળકોને પ્રાથમિક શિક્ષણ ઉપલબ્ધ થઈ શકે. વર્તમાન સંજોગોમાં કેટલી આંગણવાડીઓ સુવિધાપૂર્ણ છે. તે બાબતે શિક્ષણ વિભાગ દ્વારા સમીક્ષા થવી જોઈએ. પરંતુ આંગણવાડીમાં ફરજ બજાવતી કાર્યકર બહેનો-તેડાગર કે પટાવાળા વેતન બાબતે સરકારે વિચારવું જોઈએ. જો કે આ અંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરી છે. સાથે સાથે આશાવર્કર બહેનોને જે માનદ વેતન ચુકવવામાં આવે છે. તે ભારત સરકાર દ્વારા ચુકવાતા વેતન કરતા પણ ઓછું છે. તે પણ અપુરતું છે. જેથી ફરજ બજાવતી બહેનોના વેતનમાં વધારો થવો જોઈએ.

વર્તમાન સંજોગોમાં મોંઘવારીએ આંગણવાડી બહેનોની હાલની સ્થિતિ બેહાલ બનાવી દીધી છે. ટ્રાવેલીંગ ખર્ચમાં પણ વધારો થયા કરે છે. સામાન્ય વેતનમાં પરિવારના ૪-૫ સભ્યોનું ગુજરાન કેવી રીતે ચાલી શકે આ બાબતે અગાઉ પણ આંગણવાડી કાર્યકર બહેનોએ સરકારમાં રજુઆત કરી હતી. પરંતુ યોગ્ય પરિણામ આવ્યું ન હતું.

તાજેતરમાં રાજધાની નવી દિલ્હી ખાતે કેન્દ્રીય નાણાં મંત્રી અરૂણ જેટલીની અધ્યક્ષતામાં મળેલી પ્રી- બજેટ મીટીંગ દરમ્યાન નીતિન પટેલે આંગણવાડી તથા આશાવર્કર બહેનોના માનદ વેતનમાં વધારો કરવા કેન્દ્ર સમક્ષ માંગણી કરી હતી. નીતિન પટેલે અન્ય સંખ્યાબંધ સુચનો કર્યા હતા. જેમાં તેમણે કહ્યું કે ભારત સરકારે કેન્દ્રીય વેરામાંથી દરેક રાજ્ય સરકારોને મળતા તેના હિસ્સાની રકમની ફાળવણી દર માસની પહેલી તારીખે કરવી જોઈએ.

ખેડુતો સોલાર પંપનો ઉપયોગ કરતા થાય તે માટે ૧૦ હોર્સ પાવર સુધીની મોટર માટે ૩૦ ટકા જેટલી સબસીડી કેન્દ્ર સરકારે આપવી જોઈએ. વર્ષ ૨૦૧૭-૧૮ માં ગુજરાત સરકારને કેન્દ્રીય વેરામાંથી કુલ રૂા. ૨૦,૮૯૭ કરોડ મળવા પાત્ર છે. જેમાંથી માસિક હપ્તા પેટે અગાઉ દર માસની પહેલ તારીખે જ રાજ્ય સરકારને રકમ મળતી હતી. તે રકમ હાલમાં સરકાર દ્વારા ૧ લીની બદલે ૧૫ મીએ આવે છે. જેના કારણે રાજ્ય સરકારને આવક જાવકના આંકડાના છેડા છૂટી જાય છે. જેથી નાયબ મુખ્યમંત્રી અને નાણાંમંત્રી નીતિનભાઈ પટેલે આ બેઠકમાં એવી રજુઆત કરી હતી કે, દરેક રાજ્યોને આ રકમ ૧૫ મીના બદલે ૧ લીએ આપો અને કેન્દ્ર સરકારે આ જે ફેરફાર કર્યો છે. તે રદ કરવા માટે વિચારવું જોઈએ.

દરમ્યાન ગુજરાત સરકારે સોલાર નીતિ જાહેર કરેલી છે. જેના અંતર્ગત પ્રત્યેક ખેડુતો સોલાર (સૂર્ય ઉર્જા આધારિત) પંપનો ઉપયોગ કરતાં થાય તે દિશામાં પ્રોત્સાહનો આપવામાં આવે છે, ભારત સરકાર જો ખેડુતોને ખેતી માટે સોલાર મોટર પંપનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરશે અને તે માટે આવા પંપ પર આશરે ૩૦ ટકા જેટલી સબસીડી આવશે. તો તેનાથી વીજળીની મોટી બચત થઈ શકશે અને તેનાથી કેન્દ્ર સરકારને નાણાંકીય લાભ થશે તે પણ ચોક્કસ છે.

આમ નીતિન પટેલે ગુજરાતના જે પ્રશ્નો કેન્દ્ર સમક્ષ રજુ કર્યા છે. તેમાં ખાસ કરીને આંગણવાડી અને આશાવર્કર બહેનોના માનદ વેતનમાં વધારો થાય તે જરૂરી છે.

અમદાવાદ શહેરમાં બીજી વખત દેશનું સૌથી મોટુ ફુટ વેર એકઝીબીશનનું ઉદઘાટન

ગુજરત રાજ્ય દેશમાં સૌથી વધુ રોજગારી આપનારું રાજ્ય છે. અહિયાં રોજગારીની વિપુલ તકો છે. ગુજરાતમાં અને અમદાવાદ શહેરમાં અમે બીજી વખત દેશનું સૌથી મોટું ફુટ વેર એકઝીબીશન કરી રહ્યા છિએ. જેનું ઉદઘાટન આજે તા. ૧૯-૧-૨૦૧૮ના રોજ બપોરે ૧૨ વાગે રાજ્યના પૂર્વ મહિલા બાળ વિકાસ મંત્રી શ્રીમતી નિર્મલાબેન વધવાણીના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રતિષ્ઠત વ્યકિતઓ ઉપસ્થિતિ રહ્યા હતા. વધુમાં જણાવવાનું કે ૬૦૦૦ ફીટ થી વધારે વિશાળ જગ્યામાં શહેરમાં મધ્ય માં આવેલ કાંકરિયા જેવા પોશ વિસ્તારમાં આવેલ ઈકા કલ્બના એરીના હોલમાં આ એકઝીબીશન રાખવામાં આવ્યુ છે. આ એકઝીબીશનમાં દેશભરમાંથી જેમકે પંજાબ, આગરા,દિલ્લી,જયપુર,અમદાવાદ અને અન્ય બીજા રાજ્યો અને શહેરોમાંથી આ વ્યવસાય સાથે સંકળાયેલ મેનીફેકચરરો પોતાની જુદી જુદી પ્રોડકટો જેમકે સ્પોર્ટસ શૂ, હવાઇ ચપલ, સ્કૂલ શૂ એ સિવાય રો મટીરીયલ અને મશીનરી એક જ શ્થળે આ જોવા મળશે. અંદાજે ૧૦૦ થી વધુ સ્ટોલ અહિયાં રાખવામાં આવ્યા છે. વધુમાં આ એકઝીબીશન ના આયોજક અજિતસિંહ ગુલાટી અને રાજુભાઇ ઢોલાણી જણાવ્યું કે અમને આશા છે કે આ બધી વસ્તુઓ એક જ સ્થળે હોવાથી આનો પૂરે પુરો લાભ ગુજરાતની જનતા જે વેપારમાં અગ્રેસર છે એનો પુરે પુરો લાભ લેશે. આ ત્રણ દિવસ સુધી આ એકઝીબીશન ખૂલ્લૂ પાડવામાં આવ્યું છે જે ત્રણ દિવસ સુધી એટલે ૧૯-૨૦-૨૧ જાન્યુઆરી ૨૦૧૮ શુક્ર, શનિ,રવિવાર સુધી ચાલશે.

આત્મચિંતન

જીવન સંપદાનો સદુપયોગ શીખવામાં આવે

પ્રાણધારીઓમાં આપેલ ઈશ્વરીય ઉપહારોમાં માનવ શરીર સર્વોપરિ છે. આનાથી મોટી કોઈ સંપદા ઈશ્વર પાસે છે જ નહિ. અને તેની સર્વોત્તમ કલા કૃતિ શકાય છે. જે વિશેષતાઓ સાથે તેને બનાવવામાં આવ્યો છે, તેનું દર્શન સમગ્ર સંસારમાં બીજે ક્યાંય જોવા નહિ મળે તેમાં જેટલી અદભુત સંભાવનાઓ ભરેલી પડી છે, તે દેખતા નરને નારાયણનું નાનું સ્વરૂપ કહીએ તો તેમાં કોઈ અતિશોક્તિ નથી. આનું સ્વરૂપ અને ઉપયોગ જો સમજવામાં આવે મનુષ્ય દેવ સમાન હર્ષાલ્લાસભર્યુ જીવન જીવી શકે છે અને પોતાના સંબંધિત ક્ષેત્રમાં સુખ શાંતિ ભરેલ સ્વર્ગીય વાતવરણનો લાભ આપી શકે છે.જો જીવનનું મહત્વ, સ્વરૂપ અને ઉપયોગ સમજવામાં આવે તો પ્રતીત થશે કે બીજું કાંઈ જ બાકી નથી. જે મળ્યુ છે તેનો જ યોગ્ય ઉપયોગ કરવાનું શીખવાનું છે. આરોગ્ય, આનંદ, ધન, બળ,યશ અને વર્ચસ્વના સમસ્ત આધાર આપણી અંદર ભરેલા પડ્યા છે. ઉણપ એક જ છે કે પોતાની જાતને સમજી, જીવન સંપદાનુ મૂલ્યાંકન કરી અને ઉપલબ્ધિઓનો સદુપયોગ કરતા નથી આવડતું. જો આ ભૂલ સુધારવામાં આવે તો અનુભવ થશે કે પોતાની ચારે તરફ અનંત આનંદનો સમુદ્ર લહેરાઈ રહ્યો છે અને ઉચ્ચસ્તરી પ્રગતિનું સોપાન ખુલ્લું પડ્યું છે.

ગાયત્રી શક્તિપીઠ,ડીસા

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in

નિખિલ ભટ્ટ

Research Analyst - SEBI

+91 99793 80808

શેરબજાર જોખમી તબક્કામાં...!! ઉછાળે નફારૂપી વેચવાલી....!!

ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૨૨.૦૧.૨૦૧૮ થી ૨૬.૦૧.૨૦૧૮

રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

ભારતીય શેરબજાર સતત ઐતિહાસિક નવાં શિખર સર કરી રહ્યું છે. તેજીના આ તબક્કામાં મ્જીઈ સેન્સેક્સ પહેલીવાર અંદાજીત ૩૫૫૦૭ પોઈન્ટ અને નિફ્ટી ફ્યુચર અંદાજીત ૧૦૮૭૩ પોઈન્ટના ઐતિહાસિક આંકડા આસપાસ ટ્રેડ થયો હતો. ભારતની રાજકોષીય ખાધની ચિંતા અને મહેસુલી આવકમાં વધારો થવાના અંદાજોએ કેન્દ્ર સરકાર દ્વારા વધારાના રૂ ૫૦,૦૦૦ કરોડના બોરોઈંગ-ઋણને ઘટાડીને રૂ. ૨૦,૦૦૦ કરોડ કરવાનું નક્કી કરતાં ઉપરાંત ડિસઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટથી વધુ હાંસલ થઈ જવાથી બજારની ઊંચાઈને સ્પર્શવામાં વધુ સફળતા મળી હતી. સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સના જંગી રોકાણપ્રવાહ અને વૈશ્વિક બજારોની તેજીના સ્પોર્ટે ઈન્ડેક્સબેઝડ ફંડોએ આક્રમક લેવાલી કરીને સૂચકાંકને અંદાજીત ૩૪૦૦૦ પોઈન્ટથી ૩૫૦૦૦ પોઈન્ટ સુધીની સફર પૂરી કરતાં માત્ર ૧૬ ટ્રેડિંગ સત્રનો જ સમય લાગ્યો હતો. છેલ્લાં કેટલાંક વર્ષમાં સેન્સેક્સની આ ૧૦૦૦ પોઈન્ટની આ સૌથી ઝડપી સફર છે. વૈશ્વિક બજારોની મજબૂતાઈને કારણે પણ ભારતીય બજારને નવી ઊંચી સપાટીએ પહોંચવામાં મદદ મળી હતી. કોર્પોરેટ ઈન્ડિયાના ડિસેમ્બર ૨૦૧૭ના અંતના ત્રીજા ત્રિમાસિકના પરિણામોમાં અપેક્ષાથી સારા જાહેર થઈ રહ્યા હોવાથી ફંડોએ નવી તેજી કરી છે. બોરોઈંગ ઘટાડવાના સરકારના નિર્ણયે બેંકિંગ શેરોમાં ફંડોની તેજી સાથે મેટલ-માઈનીંગ, ઓટોમોબાઈલ, કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં આકર્ષણે લેવાલી આવી છે.

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

વૈશ્વિક અર્થતંત્ર વર્ષો બાદ પ્રથમ વખત સુસંગત વૃદ્ધિ દર્શાવી રહ્યું છે અને વૈશ્વિક પ્રોફિટ માર્જિન ઊંચું છે. અમેરિકામાં કોર્પોરેટ ટેક્સમાં કાપની પ્રક્રિયા ચાલે છે. જે હાલના જટિલ અને વધુ ઈજારાશાહી વિશ્વમાં થીયરી સૂચવે છે તેમ ઝડપથી સ્પર્ધાત્મક બની જાય તેવી શક્યતા ઓછી છે પરંતુ તેનાથી જીડીપીમાં કોર્પોરેટનો હિસ્સો વધુ વધશે અને કદાચ તે શેરના વધતા જતા ભાવને સપોર્ટ કરશે.

મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૪૬૭.૭૨ કરોડની વેચવાલી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૩,૫૧૪.૭૮ કરોડની વેચવાલી, ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૭૦૦૬.૬૧ કરોડની વેચવાલી, ૧૮ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૪૦૧૯.૪૯ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ - ૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૭૬૮૧.૫૧ કરોડની ખરીદી, ૧૮ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૫૩૮.૧૬ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

બજારની ભાવિ દિશા.....

મિત્રો, બજારને હાલની તેજીમાં નફારૂપી વેચવાલી તરીકે એકાદ વિરામની જરૂર છે જે વૈશ્વિક બજારના ટ્રેન્ડ, ત્રીજા ક્વાર્ટરમાં કોર્પોરેટ અર્નિંગમાં મજબૂત રિકવરીની અપેક્ષા અને કેન્દ્રીય બજેટની ઊંચી આશા મારફત આવી શકે છે. બજારનો આ ટ્રેન્ડ ચાલુ રહેશે કે નહીં તેનો આધાર માત્ર કેન્દ્રીય બજેટની જાહેરાત જ નથી. હાલના ટ્રેન્ડના સાતત્ય માટે વૈશ્વિક બજારનો વિશ્વાસ તથા ભાવિ અર્નિંગ ગ્રોથને અસર સાથે ત્રીજા ક્વાર્ટરનાં વાસ્તવિક રિઝલ્ટ પણ મહત્ત્વનાં છે. તેથી હાલમાં ટ્રેડરો તેમજ રોકાણકારો એ થોભો અને રાહ જોવાનો સાવચેતીભર્યો અભિગમ મારા મતે યોગ્ય લાગે છે. તાજેતરના સમયગાળાના કેટલાંક મહત્ત્વનાં આર્થિક પરિબળોમાં રાજકોષીય ખાધનો લક્ષ્યાંક ચૂકી જવાની ધારણા, બોન્ડની યીલ્ડમાં વધારો, ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી અને સીપીઆઈમાં વધારાનો સમાવેશ થાય છે. ઊંચા ખર્ચને પરિણામે સરકારની ૧૦ વર્ષની મુદતના બોન્ડની યીલ્ડ છેલ્લા છ મહિનામાં ૯૩ બેસિસ પોઈન્ટ્સ વધીને ૭.૩૮ % થઈ છે. આ અવરોધ આર્થિક વૃદ્ધિ, નફાકારકારતા, ચાલુ ખાતાની ખાધ અને ફિસ્કલ સ્લિપેજમાં મુશ્કેલી ઊભી કરી શકે છે. તેનાથી બજારના સેન્ટિમેન્ટ અને પ્રીમિયમ વેલ્યુએશનને અસર થશે. મધ્યમથી ટૂંકા ગાળા માટે આવી અસર થવાની શક્યતા છે, પરંતુ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરથી જીડીપી વૃદ્ધિદરમાં સુધારો થવાની શક્યતા છે. બીજા ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિદર ૬.૩% રહ્યો હતો, જે ચાલુ નાણાકીય વર્ષના બીજા છ મહિનામાં વધીને ૭.૦૧% અને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષમાં ૭.૬% થવાનો અંદાજ છે. કંપનીઓનો અર્નિંગ ગ્રોથ ત્રીજા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૧૫ થી ૨૦ % ની રેન્જમાં રહેવાની શક્યતા છે, જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ ના નાણાકીય વર્ષમાં વધુ વધારો થઈ શકે છે. આ વર્ષના બજેટ માટેની બજારની અપેક્ષા છેલ્લાં બે થી ત્રણ વર્ષની સરખામણીમાં ઓછી રહી શકે છે. જો કે આ વખતે સૌથી મહત્ત્વની અપેક્ષા રાજકોષીય સ્થિતિ અને આર્થિક વૃદ્ધિ વચ્ચે સારું સંતુલન જાળવી રાખવા માટેની છે. ગ્રામીણ ભારત પર ધ્યાન કેન્દ્રિત કરીને કૃષિના પોષણક્ષમ ભાવ, ધિરાણના લાભ જેવાં કેટલાંક પગલાં લેવામાં આવશે. સરકાર સિંચાઈ, ખેડૂતોની સામાજિક સુરક્ષા, જીએસટીમાં ઘટાડો અને ફર્ટિલાઈઝર્સ જેવા કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પણ કેટલાંક પગલાં લેશે.આ ઉપરાંત આડકતરા વેરા (જીએસટી)ના સુધારાની કામગીરી પૂરી થયા બાદ આપણે અપેક્ષા રાખી શકીએ છીએ કે સરકાર સીધા કરવેરા પર ધ્યાન કેન્દ્રિત કરશે. એવી અપેક્ષા છે કે ફૂડ અને નોન-ફૂડ આઈટમના જીએસટી રેટમાં ઘટાડો થશે, પરંતુ આ અંગે બજેટમાં જાહેરાત ન થવાની ધારણા છે, કારણ કે તેનો નિર્ણય જીએસટી કાઉન્સિલ કરે છે.

સીધા કરવેરાના સુધારા તરીકે ન્ઝ્રય (લોંગ ટર્મ કેપિટલ ગેઈન)નો ભારતમાં ચોક્કસ અમલ થશે, પરંતુ આ બજેટમાં તેનો અમલ થશે કે નહીં તે મહત્ત્વનો મુદ્દો છે. કેન્દ્રીય બજેટ નજીક આવી રહ્યું છે ત્યારે બજારમાં ફરી એકવાર ચિંતા ઊભી થઈ છે કે લોંગ ટર્મ કેપિટલ ગેઈનમાંથી ટેક્સ માફી પાછી ખેંચી લેવામાં આવશે કે નહીં....!! હાલના નિયમો અનુસાર જો શેરને એક વર્ષ કરતાં વધુ સમય જાળવી રાખવામાં આવ્યો હોય અને એસટીટી ચૂકવવામાં આવ્યો હતો તેના નફાને લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સમાં માફી મળે છે. શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન પર ૧૫ % ના દર ટેક્સ લાગુ પડે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી બજેટના સમયે બજાર એવી ચિંતા ઊભી થાય છે કે આશરે ૧૩ વર્ષથી મળતો આ ટેક્સ લાભ દૂર થશે. મારા મતે સરકાર કેપિટલ માર્કેટ પર ટેક્સ લાગે તેવી નીચેનાં પરિબળોને કારણે શક્યતા લાગતી નથી.

૧. સરકારને લોંગ ટર્મ કેપિટલ ગેઈન કરતાં એસટીટીમાં વધુ આવક મળે છે.

૨. દરેક ખરીદી-વેચાણના સોદા વખતે સ્રોતમાંથી એસટીટીની કપાત થાય છે તેથી તે ફુલ પ્રૂફ સિસ્ટમ છે અને કોઈ લિકેજ નથી.

૩. હાલમાં ચોખ્ખી ખર્ચપાત્ર આવક (ટ્વક્કૈં)ના માત્ર ૧.૩ ટકાનું ઈક્વિટીમાં રોકાણ થાય છે, તેથી તેમાં વધારો કરવાની જરૂર છે.

૪. તાજેતરની નોટબંધી અને ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શનના ડિજિટલાઈઝેશન આ પ્રક્રિયાને વેગ મળશે

૫. ઈક્વિટીમાં વધુ નાણાપ્રવાહ સાથે સરકારની એસટીટીની આવકમાં વધારો થશે

૬. વર્ષ ૧૯૯૨ માં હર્ષદ મહેતાના સમયમાં ઈક્વિટીમાં ટ્વક્કૈંની ટકાવારી બમણી એટલે કે ૨.૩ % હતી.

૭. વ્યકિતગત અંદાજ પ્રમાણે માત્ર ૧% વસતિ ઈન્કમ ટેક્સ ચૂકવે છે ત્યારે સરકારે પ્રથમ કરદાતામાં વધારો કરવાની જરૂર છે.

કેપિટલ ગેઈન ટેક્સ ફરી લાવવાની બાબત જરૂરી કે ઈચ્છનીય નથી. જો કે આપણે ખાતરીપૂર્વક ન કહી શકીએ કે સરકાર કેપિટલ ગેઈન ટેક્સ લાદશે કે નહીં. જો કેપિટલ ગેઈન ટેક્સનું પુનરાગમન થશે તો રોકાણકારોને શેરના વેચાણ વખતે અસર થશે કારણ કે તેમણે લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડશે. પરંતુ જો રોકાણકારો હાલની માફીનો લાભ લેવા માંગતા હોય તો તેઓ સીએમપીએ પોર્ટફોલિયોનું વેચાણ કરીને ફેમિલી સભ્યના નામે આ શેરની ખરીદી કરી શકે છે. તેનાથી પરિવારમાં સમાન સંખ્યામાં શેર રહેશે. લાભ એ છે કે તમારે કોઈ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ભરવો પડશે નહીં.હવે માની લો કે બજેટમાં આ ટેક્સ લાદવામાં આવે છે. આ કવાયત કરી હોવાથી તમને ખુશી થશે. પરંતુ ન્ઝ્રયમાં કોઈ ફેરફાર ન થાય તો તમારે શું ગુમાવવું પડશે...!!? તમારું નુકસાન માત્ર બ્રોકરેજ ફી હશે. જો તમે કુટુંબના સભ્યને તેમાં સામેલ કરવા માંગતા ન હોવ તો તમારી પાસેનો એકમાત્ર વિકલ્પ આજે વેચાણ કરીને બીજા દિવસે ખરીદી કરવાનો છે. આવા કિસ્સામાં શેરના ભાવમાં તફાવત રહેશે, જે નફો કે નુકસાન બની શકે છે.અર્થતંત્રમાં વિશ્વાસ વધ્યો છે બિઝનેસમાં રિકવરી આવી છે તથા લિક્વિડિટી અને અર્નિંગ ગ્રોથ ઊંચો છે. બજારનો એકંદર ટ્રેન્ડ જળવાઈ રહેશે, કારણ કે જોખમ લેવાની ક્ષમતા પણ જળવાઈ રહી છે. ટૂંકા ગાળા માટે બજારમાં સાવધ રહેવાનું યોગ્ય છે તથા આઈટી, ફાર્મા, ટેલિકોમ, એફએમસીજી અને નિકાસલક્ષી કંપનીઓ જેવા સંરક્ષણાત્મક શેરો અને ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મારા મતે વર્ષ ૨૦૧૮ ના સમગ્ર વર્ષ માટે બજારના મુખ્ય સૂચકાંકો માટે આઉટલૂક પોઝિટવ અને ટ્રેડરો માટે સરેરાશ નીવડશે.

ખેર હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!





નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત નિફ્ટી ફ્યુચર તા. ૧૫/૦૧/૨૦૧૮ ના રોજ ૧૦૭૨૦ પોઈન્ટ ખુલીને ૧૦૬૬૫ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૯૧૮ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૫૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૨૯ પોઈન્ટના ઉછાળે ૧૦૯૧૬ પોઈન્ટ બંધ થયેલ...!!!

બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૧૫/૦૧/૨૦૧૮ ના રોજ ૨૫૭૭૪ પોઈન્ટ ખુલીને ૨૫૭૬૨ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૯૪૭ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૧૮૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૧૫૦ પોઈન્ટના ઉછાળે ૨૬૮૯૪ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૯૧૬)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૯૭૧ પોઈન્ટથી ૧૧૦૦૯ પોઈન્ટ, ૧૧૦૩૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૧૦૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૬૯૦૦)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૫૩૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૭૧૨૭ પોઈન્ટથી ૨૭૨૦૦ પોઈન્ટ, ૨૭૪૦૪ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) ઈન્ડસિન્ડ બેન્ક (૧૬૮૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૧૬૬૦ ના પ્રથમ સપોર્ટથી ખરીદવા લાયક...!! બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૯૯ થી રૂ.૧૭૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) હિન્દ પેટ્રો (૪૧૮) :- આ સ્ટોક રૂ.૪૦૬ નો પ્રથમ તેમજ રૂ.૩૯૬ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૪૩૩ થી રૂ.૪૪૦ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) મહેન્દ્રા - મહેન્દ્રા (૭૬૭) :- ૧૦૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૭૫૧ નો પ્રથમ તેમજ રૂ.૭૪૦ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ઓટો સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૭૮૨ થી રૂ.૭૯૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- ૪) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૪૦૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૨૪ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૩૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૮૭ થી રૂ.૧૩૭૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૩૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) ડિવિસ લેબ (૧૦૯૭) :- રૂ.૧૧૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૧૦૭૩ થી રૂ.૧૦૬૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૧૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!

- ૬) ઈન્ફોસીસ (૧૧૪૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૬૬ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૮૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૧૨૩ થી રૂ.૧૧૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૧૮૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) સ્વાન એનર્જી (૨૨૮) :- પાવર ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૧૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૦૪ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૪૨ થી રૂ.૨૫૧ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૫૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) માસ્ટેક લિમિટેડ (૪૧૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૯૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૮૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૪૩૭ થી રૂ.૪૫૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) શ્રી ગણેશ બાયોટેક (૨૮૩) :- રૂ.૨૭૧ નો પ્રથમ તેમજ રૂ.૨૬૦ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૨૯૬ થી રૂ.૩૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) ઓલ્મપિક ઓઇલ (૧૭૦) :- એગ્રીકલ્ચર સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૧ થી રૂ.૧૯૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૫૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) સોનાટા સૉફ્ટવેર (૨૯૫) :- રૂ.૨૮૧ નો પ્રથમ તેમજ રૂ.૨૭૩ ના સ્ટોગ સપોર્ટથી ટેક્નોલૉજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૩૧૩ થી રૂ.૩૨૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) મોદી રબર (૧૦૮) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૯૬ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઇઝ રોકાણ રૂ.૧૨૧ થી રૂ.૧૩૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ગુડલક સ્ટીલ (૧૨૦) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૦૮ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૩૩ થી રૂ.૧૪૧ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) સ્મૂતિ ઓગ્રનિક્સ (૧૦૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૭ આસપાસ રોકાણકારે રૂ.૧૧૯ થી રૂ.૧૨૬ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૯૦ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો ધ્યાને લઈએ તો

૧) લોટ્સ ચોકલેટ (૪૬) :- પેકેજીગ ફૂડ્સ સેકટરનો આ સ્ટોક ડિલેવરીબેઇઝ રૂ.૫૨ થી રૂ.૫૭ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૪૨ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) ઓરિએન્ટ હોટેલ (૫૭) :- ડિલેવરીબેઇઝ રોકાણકારે હોટેલ સેકટરનાં આ સ્ટોકને રૂ.૫૧ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવા લાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૬૪ થી રૂ.૭૨ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) સહારા હાઉસીંગ (૭૫) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૭ નો પ્રથમ તેમજ રૂ.૬૧ ના સ્ટ્રોંગ સપોર્ટ થી

ખરીદવા લાયક રિયાલિટી સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૮૨ થી રૂ.૯૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) મુંજાલ એલ્યુમિનિયમ (૮૮) :-

રૂ.૮૧ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૯૩ થી રૂ.૧૦૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૫ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૮૦૮ થી ૧૧૦૦૯ પોઈન્ટ ધ્યાને લેશો.....!!

રસ માધુરી
★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

કેપ્સુલ

નંબરવાળા ચશ્મા ઉતારવાનો ઘરેલુ ઉપાય સો ટકા સકસેસની ગેરંટી સાથે..

વર્ષોથી આ પ્રયોગ કરીને ઘણા લોકોએ નંબરવાળા ચશ્મા ઉતાર્યા છે. સહુથી પહેલાં ડાબા હાથથી ચશ્માની ડાબી દાંડી પકડો અને જમણા હાથથી જમણી દાંડી.. હવે ધીમેથી ચશ્મા આગળની તરફ ખેંચો.. ચશ્મા ઉતરી જશે.. હવે થેંન્કયુ ના કહેતા..

૦૦૦

એક બકરીએ સિંહને કુસ્તી માટે લલકાર્યો પણ સીંહે ના પાડી દીધી.

ત્યારે બકરીએ કહ્યું, કેમ ડરી ગયો ?

હા, ડરી ગયો.. સિંહે કહ્યું કારણ કે તને તો સિંહ સાથે લડવાની વાહ વાહ મળી જશે પણ મને તો લોકો એવું જ કહેશે કે સિંહ થઈને બકરી સાથે કુસ્તી લડવા હાલ્યો તો..

૦૦૦૦

સુમસામ રસ્તા પર એક લુંટારાએ મફતલાલને ઘેરી લીધો અને બોલ્યો, તારી પાસે જે કંઈ હોય એ મારા હવાલે કરી દે નહીંતર...

નહીંતર શું...

યાર જે આપવું હોય એ આપી દેને.. બોણીનો ટાઈમ છે.. મુડ ખરાબ ન કર..

૦૦૦

સાંભળ્યું છે કે..

કંઈક નરમ કંઈક ગરમ

રેણુ વિષ્ણુકુમાર બારોટ

ઘણા પાસેથી સાંભળ્યું છે આજે તો મેંમારી વાઈફને ખખડાવી નાખી, તતડાવી નાખી એ વખતે માંડ મેં મારા ગુસ્સા પર કાબુ રાખ્યો હતો. નહીં તો.. તો બીજાને કહેતા મેં સાંભળ્યા છે આજે તો ઘરવાળીને ધબધબાવી નાખી.. એના મનમાં સમજે છે શું ? ન જાણે એને કયારનીય રઈ ભરાઈ ગઈ હતી ? આજે તો એવી ધમકાવી કે બધીય રઈ રાઈ રાઈ થઈ ગઈ.. તો ત્રીજા પાસેથી મેં સાંભળ્યું છે કે આજે સવારે સાડા સાતના ટકોરે શ્રીમતીને એવી રીમાન્ડ પર લીધી કે કોઈ ગુનેગાર પોલીસ કમિશ્નરને જોઈને ફફડે એમ ફફડી ગઈ.. મને પોલીસ કહેવા લાગી કે નાથ મારો આટલો ગુનો માફ કરો.હવે થી હું સદા સાવધાન રહીશ..મેં સાંભળ્યું છે મને પ્રશ્ન થયો છે ગુનેગારને કમીશ્નર ખખડાવા જાય ખરા પણ કહ્યું અને સાંભળ્યું.. બાકી કમિશ્નર એમની એ.સી.ઓફિસ છોડી ટપોરી ટાઈપ ગુનેગારને ખખડાવા ગયાનું કયાંય સાંભળ્યું નથી.. એ નક્કી.. એક જણાએ તો જાણે કે કહેતા કહેતા હદ પાર કરી નાખી.. બધાની વચ્ચે કહેતો હતો. બે રૂપિયાની બાયડી એના મનમાં સમજે છે શું ? એ તો હાથમાં કપડા ધોવાનો ધોકો ન આપ્યો નહીં તો તુલસીદાસના સુંદરકાંડમાં આવતી પંક્તિઓ ઢોર ગવાર પશુ શુદ્ધનારી ધોકે ધોકે જાણે ધોનીવાળી કરત.. બાકી મારૂં મગજ બાવળીયાના કાંટા જેવું છે. આપણે તો બગડયા તો રાવણ પણ ફફડે. મેં સાંભળ્યું છે..

સચ્ચાઈની પરખ કરી નથી.બાકી મેં કયાંય કહ્યું નથી કે આજે તો મેંમારી રેણુને એવી ધમકાવી કે ઉભી ઉભી ઉઠબેસ કરવા લાગી. મને મેં વાળેલો છબરડો યાદ છે. છબરડો એને વાળ્યો હતો ને મેં મારી પર વાળી લીધો હતો.. એણે સવારની પહોરમાં ચામાં ખાંડના બદલે બે ચમચી મીઠું નાખી દીધું હતું અને મારી સામે મુકી હતી..

ટીપોઈ પર પડેલો કપ અને કપમાની ગરમ ચામાંથી નીકળી રહેલી વરાળ વર્ગના એક છોકરાએ ભુગોળ ભણાવતો હતો ત્યારે કહેલું પાણી ગરમ થાય એટલે એની વરાળ નીકળે અને એ વરાળના વાદળ બને ને વરસાદ થાય ત્યારે એક ખેંપટા વિદ્યાર્થીએ મને સવાલ પુછેલો સર મારી મમ્મી દાળ ઉકાળે છે નાવાનું પાણી ગરમ કરે છે ચા અને દુધ ઉકાળે છે, એમાંથી વરાળ નીકળે છે. .એ વરાળના વાદળાં કેમ બનતા નથી ? આવો સવાલ સાંભળી હું સ્તબ્ધ બની ગયેલો પણ સામો પ્રહાર કરતાં કહેલું, આ સવાલ તારી મમ્મીને પુછજે જે ઘરમાં આટલી બધી વરાળ પેદા કરે છે અને એ પછી છોકરાએ પણ મારી પ્રતી આક્રમણ કરતાં કહેલું ભુગોળના સવાલના જવાબ ના આપી શકો તો.. મને તમારા જ્ઞાન બાબતે શંકા જાય છે ?

બોલો મેં આવું પણ સાંભળ્યું હતું શું થાય ?

પણ શ્રીમતીએ ટીપોઈ પર મુકેલો ચાનોકપ ગરમ ચા નીકળતી વરાળ મને થયેલું ખરેખર શ્રીમતી હજો તો રેણુ જેવી જ.. બાકી બધી..

ખેર ચાનો પહેલો ઘુંટડો પીધો કે જાણે સમુદ્રના ઉષ્ણ જળનો ઘુંટડો પીધો. ખારી ખુબ્બડ હતી. એને ખાંડને બદલે બે ચમચી મીઠું ધબકાવ્યું હતું.

આ શું છે ? હું ગર્જ્યો ? પણ ધીમા સ્વરે.. મને ખબર હતી અને છે કે મારા ઘરમાં મારી શ્રીમતીનો કમિશ્નરનાય કમિશ્નર છે.

વહાલા આ ચા છે તમારી.. આંખોના નંબર વધ્યા હોવાની મને શંકાછે..

સવાર સવારમાં મેં સાંભળ્યું.. હું તડફડ કરવા જતો હતો પણ સાંભળવા મળ્યું એક દિવસ ખાંડ વગરની ખારી ચા પીશો તો લંકા લુંટાઈ જશે નહીં. .રાવણ ગાંડો નહીં થઈ જાય અને ખારી ચા પીશો તો પેટ શુદ્ધિકરણ થશે આમેય તમારા શરીરની શુદ્ધિ જરૂરી છે. તમને કબજીયાત છે..સંડાસમાં બેસી રહેવું પડે છે, સમસ્યા થોડા દિવસમાં હલ થશે.

મેં સાંભળ્યું ગુસ્સો તો છેક આસમાન સુધી ચડી ગયેલો પણ પણ ખામોશ રહ્યો.. જોકે ખારી ખુબડ ચા પીવાના બદલે સવાર સાંજ મારૂં મોંઢું અતિશય કટાણું બની ગયું. જોકે મારા કટાણા મોં માટે પણ શ્રીમતી રેણુએ અવળા હાથની આપી દીધી.. મોંઢુ સારૂં રાખો.. ખારી ચીજ પીવડાવી છે. .મરચું નાખીને નથી પીવડાવી.

મને થયું લોકોને એમની પત્નીને વાઈફને, શ્રીમતીને ખખડાવતા હશો એ સાચું હશે ? ધમકાવતા હશે એમાં તથ્ય કેટલું હશે ?

અનુસંધાન પાના નં.૬ ઉપર

સરફરોશી ઉત્સવો કયાં સુધી ચાલ્યા કરશે ?

દેખ કબીરા

હંસામૃત વાલમીયા

માંડલથી વિરમગામ આવતાં મારી બાજુમાં બેઠેલાં એક અન્જાન બહેન આશરે આધેડ ઉપરની ઉંમરના કુદરતના કંઈક કારણે વિધવા થયેલા પણ તેમની પર્યાવરણ પ્રેમ માટે ઉભરાઈ આવતી તાલાવેલી અને જીવદયાની તમન્ના જોઈ હું તેમની સાથે કંઈક બોલવા તૈયાર થયો. મને આવા કોઈ સહપ્રવાસી મળી જાય એટલે એવું માની લઉં છું કે મને કોઈ વૈચારિક હમજુબા હમસફર મિલ ગયા. દેખ કબીરા.. વાતોડીયો સ્વભાવ એ મામા મામી અને જનેતાના વારસાગત ગુણો મારામાં ઉતર્યા છે. બાપુ ઘણું ઓછું બોલતા હતા પણ બા સમગ્ર ગામથી લઈ દુનિયા આખીની રજેરજની ચર્ચા કરતા અને કંઈક નિષ્કર્ષ પણ બતાવતાં. આવાં માવતર બહુ ઓછા ટાબરીયાને મળતાં હોય છે. આજે તેમની હયાતીની ગેરહાજરી કોરી ખાય એ સમય છે પણ કુદરત સામે નારાજગી વ્યકત કરવાથી શું થાય ? દેખ કબીરા..

મારાં સહપ્રવાસી બેને મકરસંક્રાંતિ ઉર્ફે ઉતરાયણની વાત માંડી. સાહેબ આ પતંગની દોરી પતંગ, ફીરકી, ધાબા, ધુબાકા અને એય પરિઆવરણના ભોગે કયાં સુધી ચલાવી લેવાય ?

મેં આગળ ચલાવ્યું બહેન આ તો આપણા દેશનો એક તહેવાર આજે આંતરરાષ્ટ્રીય ફલક ઉપર માત્રને માત્ર અમદાવાદમાં ઉજવાય છે એ પણ કરોડોના આંધપ સાથે એ ઉજવાય છે. પરદેશી નબીરાઓ અને આપણા બચ્ચનજી બધા ખુબ ઠાઠમાઠથી ગુજરાતી ગુજ્જુઓના ભાગીદાર બની પતંગ ઉડાડવા અહીં આવે છે. ગુજરાતની તલસાંકળી ચીકી અને ઉંધીયું જલેબીની જયાફતો ઉડાવે છે.

‘સાહેબ, એ બધું આપણા આતિથ્યના સંસ્કારમાં છે જ પણ પતંગના ભોગી પાંખો કપાયેલા પશુ પક્ષીઓનું શું એ તમે જાણો છો ? જીવદયાવાળાની હેલ્પલાઈન ચાલે છે.

પર્યાવરણ બચાવવા મેદાને પડેલા જીવદયા પ્રેમીઓને પંખીની કપાયેલી પાંખોથી અનહદ દર્દ થાય છે. દયા અને અનુકંપા ઉપજે છે એટલે આ ઉત્સવ એક સરફરોશી જેવો ઉત્સવ છે. પતંગની દોરી ગળા સુધી આવે અને ગળું કપાઈ જાય એથી મોટો બીજો કયો નાદાર ઉત્સવ ગણી શકાય.. દેખ કબીરા..

ગુજરાતીઓ પતંગ ચગાવવા માટે શુરા પુરા છે તે વાત દેશ અને દુનિયા જાણે છે છતાં જો આ દેશમાં ચાઈનીઝ દોરી અને ચાઈના ટુક્કલ બંધ ન થાય તો.. ખરેખર આપણા દેશપ્રેમને કોરોધાકોર ગણીએ એવું મનાય.. ચાઈનાવાળા ગુજરાતીઓ માટે ખાસ દોરી અને બીજી અન્ય સામગ્રી આ દેશમાં એકસપર્ટ કરી મન મુકીને કમાય છે, ચીનાઓ તગડા થાય પછી ભારતની સીમાઓ ઉપર બેફામ ધમાકા કરે છે એવા મિત્ર દેશની ભલમનસાઈ ઉપર હસવું આવે છે.

બહેન આગળ બોલ્યા, ભૈ તોય આપણા આ દેશના વજીરે આઝમ જેવા ચીનના પ્રમુખને મોટાં આમંત્રણ આપી લાલ જાજમ બિછાવે છે એ યોગ્ય છે ?

ના બહેન તમારી વાત સાચી છે જે મિત્રતાનો અંચળો ઓઢી ફાંદેબાજ થઈ જાય અને આપણા જ દેશના રોટલા, પરોઠા, ઢોકળાં, ઢેબરાં જેવી બસો વાનગી આરોગીને જાય એવા પ્રધાન કે એવા દેશના સૈનિકો માટે રહેમ નજર કેમ રખાય ?

હા બહેન તમારી વાત સો ટચના સોના જેવી છે પણ આ દુનિયામાં સૌ પ્રથમ પતંગ બનાવવા જે કીમીયો વાપર્યો છે એ પણ ચીનમાં અખતરો થયો હતો અને પછી પતંગ દોરાનું ઉત્પાદન પણ સૌ પ્રથમ ચીનની ફેકટરીઓની પેદાશ તેમણે ભારતમાં એકસપર્ટ કરી હતી.. આ દેશની માનવીય બર્બરતા માટે ખરેખર ચીન જવાબદાર ગણાય.. આવા સરફરોશી ઉત્સવો ઉપર જો રોક નહીં આવે તો દેશમાં પક્ષીઓની પ્રજાતિ હીબકાં ભરતી જોવા મળશે.. ખુદાહાફીઝ....

ડૉ. બી.પાટણવાડીયા (અમદાવાદ)

એનું નામ છે જીવન

નટવર હેડાઉ

આ શું થઈગયું ? ઉદય આકાશ તરફ જોતો પોતાની જાતને પ્રશ્ન પુછી રહ્યો હતો. આ આયખું આમ દગો દઈ જશે એ તો વિચાર્યું જ નહોતું. પણ કોઈએ સાચું જ કહ્યું છે કે જેનોભરોસો ન કરી શકાય એ જ તો જિંદગી છે અને આ જગતનું અંતિમ સત્ય મૃત્યુ છે.

ઉદયના પિતા મકરંદભાઈનું ગયા મહીને રોડ અકસ્માતમાં અવસાન થઈ ગયું. આ બનાવથી ઉદય અંદરથી ભાંગી પડયો હવે કુટુંબની બધી જવાબદારી ઉદયના ખભે આવી ગઈ.કેમ કે માં અને બહેનનું ધ્યાન હવે તેણે જ રાખવાનું હતું. બહેન પ્રતિક્ષા કોલેજના છેલ્લા વર્ષમાં હતી અને ઉદયના પિતાએ હંમેશા એ જ ચિંતા સતાવતી હતી કે દીકરીને ઘર સારૂં અને વર મળી જાય અને તેનો પ્રસંગ આટોપાઈ જાય તો જીંદગીની સાર્થકતા પૂર્ણ થઈ જાય. તેથી એમ માનો કે જાણે ઉદયના પિતાના જીવનનું ધ્યેય માત્ર દિકરીના લગ્નનું હતું. ભારતીય સમાજમાં પિતાની આંખો રાત દિવસ એ જ સ્વપ્ન જુએ છે કે દિકરીને સપનાં કરતાં પણ સુંદર સાસરૂં મળે અને રાજકુમાર જેવો પતિ મળે. પિતાની અનુપસ્થિતિ દિકરી માટે એવી ખોટ છે કે જે પુરી ન શકાય. પિતા વિદાય ઘરને મુખ સહિત હલાવી દો છે. મોટો ભાઈ પિતા તુલ્ય હોય છે તેથી ઉદયે નક્કી કર્યું કે બહેનનો સંબંધ તેની ઈચ્છા મુજબ જ કરશે જેથી તેને પિતાની કમી અનુભવાય નહીં.

બહેનનાં લગ્નનાં સપનાં જોતો ઉદય દિવસ રાત નોકરી માટે આમતેમ આંટાફેરા કરવા લાગ્યો, શહેરની દરેક ઓફિસો અને કંપનીઓનો સંપર્ક કર્યો પણ સફળતા ન મળતાં ઉદયની આ સ્થિતિ જોઈને તેની માંને ચિંતા થવા લાગી.એક દિવસ માંએ ઉદયને કહ્યું, ‘બેટા, ગામડે આપણી દસ વીઘા જમીન છે.તારી ઈચ્છા હોય તો તેને વેચી નાખ અને તે મૂડીમાંથી નાનો મોટો કંઈક વેપાર ધંધો કર છેવટે ઉદયમાં આ વિચારને વધાવી લીધો અને ગામડે જવાનું વિચાર્યું. ઉદય ગામડે તેના કાકા કલ્યાણસિંહ પાસે ગયો. કેમ કે તેની જમીન કાકા જ વાવતા હતા. ઉદયે પોતાની જીંદગીનાં પાનાં કાકા સમક્ષ ખોલી દીધાં અને તેમને કહ્યું કે, હું અહીં જમીન વેચવા આવ્યો છું. જમીન વેચીને કંઈક ધંધો કરીશ અને પછી બહેન પ્રતિક્ષાનાં લગ્ન.. કાકાએ વિચારતાં કહ્યું, બેટા અત્યારે જમીનના ભાવ નહીં મળે, મંદી ચાલે છે. થોડો સમય ઠહેરી જા. તો સારા ભાવ મળશે પછી કાકાએ અમુક રૂપિયા ઉદયને આપતાં કહ્યું, તું મારી સાથે ખેતરમાં કામ કરાવે તો કેવું ? સારા ભાવ આવે ત્યાં સુધી રાહ જો. ઉદયે વિચાર્યું કે એ વાત પણ સાચી છે. આમ પણ તે અત્યારે કંઈ કામ તો કરતો નથી.

કાકા કલ્યાણસિંહની સાથે કામ કરતાં કરતાં ઉદયને ખેતીવાડીના કામમાં સારી ફાવટ આવી થઈ. હવે ઉદય બધાં કામની દેખરેખ રાખતો. ખેતર ખેડવાનું હોય કે બીજું કામ તે દરમ્યાન ઉદયે તેની માં અને બહેનને પણ ગામડે બોલાવી દીધાં. ઉદય તેના કુટુંબ સાથે ગામમાં એવો હળીમળી ગયો જાણે તે વર્ષોથી અહીં રહેતો ન હોય. લહેરાતાં ખેતર, ગામડાની સાદગી, અહીંના લોકોની આત્મીયતા જોઈ ઉદય ગદગદ થઈ જતો.અને અનાયાસ તેની આંખો છલકાઈ જતી.

એક દિવસ ગામના સરપંચ મહેન્દ્ર પ્રતાપસિંહ ઉદય અને તેના કાકા કલ્યાણસિંહ પાસે પોતાના દિકરા ભવાનીસિંહ માટે ઉદયની બહેન પ્રતિક્ષાનો હાથ માંગ્યો કાકા કલ્યાણસિંહની ખુશીનો પાર ન રહ્યો. તેઓએ વિચારીને ખુશ હતા કે સરપંચ સામે ચાલીને તેમના ઘેર માગું લઈને આવ્યા હતા પણ સાચી વાત તો એ હતી કે સરપંચ મહેન્દ્ર પ્રતાપસિંહ પોતાના દીકરા માટે ભણેલ ગણેલ અને સંસ્કારી વહુ ઈચ્છતા હતા. જે તમામ બાબતો પ્રતિક્ષામાં જોવા મળી. ઉદયે કહ્યું કે, તે માંને પુછીને જ છેવટનો નિર્ણય લેશે પણ ખરેખર તો એવું હતું કે ,

૮ ા`

પ્રતિક્ષાની શું મરનજી છે તે જાણવા માંગતો હતો. પ્રતિક્ષાએ લગ્ન માટે પોતાની સહમતી દઈ દીધી. પ્રતિક્ષા અને ભવાનીસિંહના લગ્ન થઈ ગયા. તે દિવસે જો સૌથી વધુ ખુશી ઉદય અને તેની માંને થઈ હતી.

થોડા દિવસ બાદ કાકા કલ્યાણસિંહે ઉદયને કહ્યું કે હવે જમીનના ભાવો ઉંચકાયા છે તારી ઈચ્છા હોય તો જમીન વેચીને તું શહેરમાં જઈ શકે ત્યારે ઉદયે કહ્યું કાકા તે વખતે તો તમે જમીન વેચવાની ના પાડતા હતા અને હવે ભાવ નથી ત્યારે જમીન વેચવાનું કહો છો. કંઈ સમજ ન પડી. માંએ તે વખતે તેની વાત કાપતાં કહ્યું કે, જો તે વખતે તારા કાકાએ તને જમીન વેચવા દીધી હોત તો આપણે ફરી ગામડે કયારેય ન આવત. ત્યારે કાકાએ કહ્યું બેટા જ્યારે તું પહેલી વાર મારી પાસે આવ્યો તે વખતે જ તારી જમીન મેં વેચાવી નાંખી હોત તો તું વડવાઓની નિશાની એટલે કે આ જમીન ખોઈ બેસત અને તને જીંદગીભર પસ્તાવો થતો રહેત કે અમારા ખરાબ સમયમાં કાકાએ મને મદદ ન કરી. જો કાકાએ મને રોકયો હોત તો હું મારાં મુળ સાથે જોડાયેલો જીંદગીમાં આપણે જે કંઈ વિચારીએ, જોઈએ અને જાણીએ છીએ એ બધું જ ખોટું છે અને એ જ રીતે ગેરસમજનો શિકાર થઈ જતાં સંબંધો બગડે છે અને લોકો પોતાના કુટુંબીઓથી દુર જઈ વસે છે. તેથી ગામડાં ખાલી થતાં જાય છે. કાકા કલ્યાણસિંહે કહ્યું કે, હું ખુબ રાજી થયો કે તું શહેર છોડીને આપણા ગામમાં પાછો આવ્યો.. ઉદય હવે પારખી ગયો કે પોતાનાં હોય તે જ સાચાં ખરેખર તો તેને પારખવાની જરૂર છે.

પરખ

નટવર હેડાઉ

ફિલ્મોમાં નવતર પ્રયોગો કરવાને કારણે ઝળકે છે ઐશ્વર્યા રાય

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચનને નવા નવા પ્રયોગો કરવા ગમે છે. તે કહે છે કે મને પ્રયોગો કરવામાં ખૂબ જ મજા આવે છે. માત્ર ફિલ્મોમાં નહીં, ફેશનની બાબતમાં પણ હું પ્રયોગો કરતી રહું છું. તે કહે છે કે રચનાત્મક રૂપથી હંમેશાં હું મુક્ત રહી છું. સિનેમામાં મારી પસંદગી પણ એ બાબતથી ઝળકે છે. જ્યારે તમે મારા વિશે એ વાત સ્વીકારો છો તો તમે મારી પસંદ-નાપસંદ ઉપરાંત રચનાત્મકતા પ્રતિ મારા ખુલ્લાપણાને પણ સમજી શકો છો.. ઐશ્વર્યાના જણાવ્યા અનુસાર તે કોઈ પણ પાત્ર માટે તૈયારી કરતી નથી. તે પાત્ર જ બની જાય છે. તે કહે છે કે મારે કોઈ પણ પાત્ર અંગે વિચારવાની જરૂર પડતી નથી. હું તેની બારીકાઈઓ પર ઊંડાણપૂર્વક વિચારું છું અને એક વખત તે પાત્રમાં સમાઈ જાઉં તો કેમેરા સામે તેને સરળતાથી રજૂ કરી દઉં છું.

હાલમાં ઐશ્વર્યા તેની આગામી ફિલ્મ ‘ફન્ને ખાં’ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તે અનિલ કપૂર સાથે જોવા મળશે. તે એક સુપરસ્ટાર સિંગરની ભૂમિકા ભજવી રહી છે. આ ફિલ્મ અંગે તે કહે છે કે મેં નક્કી કર્યું હતું કે મારી દીકરીના જન્મ બાદ ત્યારે જ કોઈ ફિલ્મ કરીશ જ્યારે હું સંપૂર્ણ રીતે તેના પર ધ્યાન આપી શકું. હું ઈચ્છતી નથી કે કામ દરમિયાન મારું ધ્યાન ભંગ થાય અને હું ભ્રમિત થઈ જાઉં હું એવી કોશિશ કરું છું કે જે પણ કંઈ કરું તેમાં મારા સો ટકા આપું.

કેવા ગ્રહો ધન અને સત્તા અપાવે ?



ધનસુખ સાથે રાજસત્તા, હકુમત વગેરે મળે તો વ્યકિતને ઘણું સારૂં અને તેવું દરેક વ્યકિત ચાહના રાખતો હોય છે. કેવા ગ્રહો રાજકીય સત્તા ધન અને વૈભવ અપાવે ?

જે જાતકની જન્મકુંડળીમાં ચારે કેન્દ્ર સ્થાનોમાં મેષ, કર્ક, તુલા અને મકર રાશીમાં બધા જ ગ્રહો હોય તો ઉપરનો ફળ અપાવે.

દ્રષ્ટાંતકુંડળી : અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પ્રથમ ભાવમાં કર્કમાં ગુરૂ, કેતુ ચોથા કેન્દ્ર સ્થાનમાં સૂર્ય, શુક્ર, શની, બુધ અને સાતમા ભાવમાં મંગળ અને રાહુ રહ્યા છે. જે ઉપરનો યોગ બનાવી રહ્યા છે. જે વ્યકિતને ધનસુખ અને રાજકીય સત્તા આપનાર બને છે. તો સૂર્ય નીચનો છે અનેશની ઉંચનો છે જે નીચ રાજભંગ યોગ બને છે પણ જો નીચના સૂર્યની વિધિ વિધાન કરવામાં આવે અથવા સૂર્યનું માણેક સૂર્યની આંગળીમાં પહેરવામાં આવે તો કોઈપણ પ્રકારની રૂકાવટ આવતી નથી. દિવસે દિવસે પ્રગતી થતી હોય છે.

જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા
(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)

કાશ્મીર વિવાદ ઉકેલવા તમામ રાજકીય પક્ષોએ એક મંચ પર આવવું જોઈએ

દ્રષ્ટીકોણ

ચંદ્રશેખર ત્રિવેદી

જમ્મુ કાશ્મીરમાં ફાયરીંગના બનાવો ખુબ જ સામાન્ય બની ગયા છે. ગત શનિવારે ભારત-પાકિસ્તાન વચ્ચેની એલ.ઓ.સી. પાકિસ્તાનના ચાર લોકોના મોત થયા હતા.જયારે જમ્મુ કાશ્મીરમાં બે જણાને ઈજા થઈ હતી. પાકિસ્તાનમાં જેમના મોત થયા હતા. તેમાં બે યુવતીઓ અને એક સગીર બાળકનો સમાવેશ થાય છે. જયારે કાશ્મીરમાં એક બીએસએફનો જવાન અને એક મહીલાને ઈજા થઈ હતી. આમ આજ દિન સુધી ફાયરીંગના બનાવોને રોકી શકાયા નથી.

પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામ ભંગ કરતું આવ્યું છે. તેમ છતાં ભારતીય સરકાર દ્વારા ઠંડા કલેજે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તે બાબતે સરકારે વિચારવું જોઈએ. પાકિસ્તાન તરફથી વિના ઉશ્કેરણીએ ફાયરીંગ કરવામાં આવે છે. જેથી બંને રાષ્ટ્રોના હીતોને નુકશાન થઈ રહ્યું છે. જોકે પાકિસ્તાની સૈનિકો અને ત્યાંના ત્રાસવાદીઓ કોના આદેશથી સરહદ પાર કરીને કાશ્મીરમાં પ્રવેશતા હશે તે બાબત અંગે સરકારે વિચારવું જોઈએ. ભારતીય જવાનોમાં સહીષ્ણુતાની ભાવના અનેક ગણી છે અને કોઈપણ જાતની ઉશ્કેરણી વિના કયારેય ગોળીબાર કરતા નથી પરંતુ એક વાત ચોક્કસ છે કે જમ્મુ કાશ્મીરના અર્થતંત્રને તંદુરસ્ત બનાવવા મોદી સરકાર દ્વારા જે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમાં પાકિસ્તાન પોતાની કટ્ટર નીતી અખત્યાર કરી રહ્યું છે. પાકિસ્તાન તો માત્ર એક જ સંકલ્પ લીધો છે કે જમ્મુ કાશ્મીરમાં અરાજકતા ચાલુ રહે પરંતુ ભારતીય લશ્કરના જવાનો પોતાનો આદર્શ અભિગમ વ્યકત કરી રહ્યા છે.કાશ્મીરમાં હિંસાને કારણે કાશ્મીરી પંડિતોને ત્યાં રહેવું મુશ્કેલ બન્યું છે.તોફાની તત્વોએ તો તેઓને

અનુસંધાન પાના નં.૬ ઉપર

આતંકીઓને શહીદો ગણાવતા પીડીપીના ધારાસભ્યને સરકારે જવાબ આપવો જોઈએ

ભારતનો ડ્રીમ પ્રોજેકટ બુલેટ ટ્રેન

અજબ ગજબની દુનિયા

કમલેશ કંસારા

૧૪ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ અમદાવાદ ખાતે પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ જાપાનના વડાપ્રધાન શિંજોઆબે સાથે મળીને ભારતીય પ્રજાનો ડ્રીમ પ્રોજેકટ બુલેટ ટ્રેનની આધાર શીલા રાખી. આ બુલેટ ટ્રેનની શરૂઆત ૧૫ ઓગષ્ટ ૨૦૨૨ દિવસ સુધી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. હાલના સમયમાં બુલેટ ટ્રેન પ્રોજેકટમાં જાપાનના ૧૦૦ થી પણ વધુ એન્જીનીયરો ભારતમાં કાર્ય કરી રહ્યા છે. આવો આપણે જાણીએ બુલેટ ટ્રેન વિશે વિસ્તૃત જાણકારી.

બુલેટ ટ્રેનનો રૂટ સાબરમતી રેલ્વે સ્ટેશનથી લઈને મુંબઈ -બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ સુધી રાખવામાં આવેલ છે. એની કુલ લંબાઈ ૫૦૮ કી.મી.ની છે. મહારાષ્ટ્રમાં એની ૧૫૬ કી.મી. અને ગુજરાતમાં ૩૫૧ કી.મી. લાંબો રૂટ રહેશે.

જો બુલેટ ટ્રેન ચાલુ થાય તો શરૂઆતના સમયમાં ચાર સ્ટેશનો પર રોકાશે અને બે કલાક સાત મીનીટમાં અમદાવાદનું અંતર કાપશે. ત્યારબાદ આ બુલેટ ટ્રેન ૧૨ સ્ટેશનો પર રોકાશે. આ સ્ટેશન છે મુંબઈ, થાણા, વિરાર, બોઈસર, વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી આખા ટ્રેકનો ૮૦ ટકા અર્થાત ૪૦૭ કી.મી. એલીવેટીડ હશે. ૬ ટકા માર્ગ સુરંગમાંથી પસાર થશે. ૨ ટકા એટલે ૧૨ કી.મી. ટ્રેક જમીન પર હશે.

સમુદ્રની નીચે પણ આ બુલેટ ટ્રેન દોડશે. જી હા ! ૨૧ કી.મી.નું અંતર સૌથી લાંબી ટનલ અને ૭ કી.મી. નું અંતર સમુદ્રની નીચેનો રૂટ રહેશે. બુલેટ ટ્રેનના પાટા જમીનથી ૨૦ મીટર આશરે ૭૦ ફુટ ઉપર થાંભલા પર રહેશે.

આ બુલેટ ટ્રેન પરિયોજનાનો કુલ ખર્ચો ૧.૦૮ લાખ કરોડ રૂપિયા અંદાજીત કર્યો છે. જાપાન ૮૮ હજાર કરોડ રૂપિયાનું ઋણ (લોન) ૦.૧ ટકા વ્યાજ પર દર મહીને ૭.૮ કરોડ રૂપિયા માત્ર પર આપી રહી છે. બાકી ધન ભારત સરકાર ખર્ચ કરશે.

૪૦૦૦ કર્મચારીઓને ટ્રેનીંગને માટે વડોદરામાં હાઈસ્પીડ રેલ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રોજેકટથી ૧૬,૦૦૦ વ્યક્તિઓને રોજગારી મળવાની સંભાવના છે. બુલેટ ટ્રેન ચાલુ થતાં તેના માટે લગભગ ૪૦૦૦ કર્મચારીઓની જરૂરીયાત પડશે. એટલે પ્રારંભિક કન્સ્ટ્રકશન વર્કરની ૨૦,૦૦૦ વ્યક્તિઓની જરૂર પડશે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

બનાસકાંઠામાં ...

પાના નં .૧ ચાલુ

કમલમ નો ઘેરાવો કરવા નો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. આ પહેલા શનિવારે ડીસા નજીકના રસાણા નજીક મહાકાલ સેના અને મોટા રાજપૂત યુવક મંડળ દ્વારા ડીસા- પાલનપુર હાઈવે રોડ બંધ કરવામાં આવ્યો હતો. ત્યારે કાંકરેજ ના થરા નજીક મહાકાલ સેના અને કર્ણી સેના ના કાર્યકરો એ હાઈવે બંધ કર્યો હતો. તો ધાનેરા અને પાલનપુર તાલુકાના ગોળા નજીક મહાકાલ સેના ના કાર્યકરો એ હાઈવે બંધ કરી દેતા તંત્ર દોડતું થઈ ગયું હતું. ત્યારે આ મુદ્દે પાલનપુર ખાતે પ્રેસકોન્ફરસ માં મહાકાલ સેનાના હોદેદારોએ જણાવ્યું હતું કે, મહાકાલ સેના ના સ્થાપક સંજયસિંહ રાઠોડ અને ક્રિપાલસિંહ ચાવડા ની આગેવાનીમાં અમે પદ્માવત ફિલ્મ ને કોઈ કાળે પ્રદર્શિત નહિ થવા દઈએ અને સમાજની અસ્મિતા બચાવવા ગમે તે હદે જઈશું. તેમજ અમે કોઈ લોકોને ને સરકારી કે પ્રાઈવેટ પ્રોપર્ટી ને નુકસાન કરવા માંગતા નથી. પરંતુ હવે સરકાર, સેન્સર બોર્ડ અને ફિલ્મ ડાયરેકટરો અમારી ભાવના અને ઈતિહાસ સાથે રમત રમી રહ્યા છે. તે કોઈ કાળે યુવાનો સહન કરવા તૈયાર નથી. ત્યારે જે થિયેટરમાં ફિલ્મ પ્રદર્શિત કરશે તે થિયેટર ને જે નુકસાન થશે તે ની જવાબદારી થિયેટર માલિકો અને સરકાર ની રહેશે તેવી ખુલ્લી ચુનોતી આપી હતી.

થરાદની કોલેજની...

અનુસંધાન ૩ નુ ચાલુ..

નોંધનીય બાબત એ પણ છે કે તાજેતરમાં થરાદ પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા લોકદરબારમાં વિદ્યાર્થિનીઓને કેટલાક રોમીયો પરેશાન કરતા હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી.આ અંગે પ્રાંત કચેરીના શિરસ્તેદાર આર પી ગોહિલે બસ બાબતે યોગ્ય કરવા ડેપો મેનેજરને ભલામણ કરવામાં આવશે તેવી વિદ્યાર્થિનીઓને હૈયાધારણ પણ આપી હતી.

જોરાવરગઢમાં એક્યુપ્રેશર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સરવાઈકલ પેન (ગરદનના રોગો), માથાનો દુ:ખાવો, સાંધાનો દુ:ખાવો, સિયાટીક, પેરાલાઈસીસ, ઘૂંટણના રોગ, આંખ- કાન- નાક અને ગળાની બિમારી, શ્વાસની તકલીફ, ચામડીના રોગો, ખીલ, ચીકનગુનિયા, નાના બાળકોને પથારીમાં પેશાબ કરવો તથા પુરૂષ અને સ્ત્રીઓના અનેક ગુપ્તરોગોનો ઈલાજ દવાઓ વગર એક્યુપ્રેશર અને મેગ્નેટ પદ્ધતિથી (હાથ અને પગની નાડી દબાવી) થેરાપી દ્વારા ઈલાજ કરવામાં આવ્યો. જેમાં આજે ૪૦ દર્દીઓએ તેનો લાભ લીધો.

શારિરીક શિક્ષણ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ અધિનિયમ મુજબ પ્રાથમિક તેમજ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની સારી વ્યવસ્થા માટે બાળકોની સંખ્યા આધાર પર શિક્ષકોના ધોરણો નક્કી કરેલ છે. ૧૦૦ થી વધારે ધરાવતી શાળાઓમાં દર ૩૫ વિદ્યાર્થીઓ સામે ૧ શિક્ષક (ન્યુનત્તમ ૩ શિક્ષક(અને ૧ આચાર્ય તથા ૩ વિષયો સ્વાસ્થય તેમજ શારિરિક શિક્ષણ કલા તથા કાર્ય શિક્ષણ માટે ૦૧-૦૧ પાર્ટ ટાઈમ પ્ર.શિક્ષક રાખવાની જોગવાઈ છે તે ઉપરાંત વર્ષ ૨૦૧૦ - ૧૧ ના સપ્લી પ્લાનમાં ભારત ૫ સરકાર દ્વારા ૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓમાં ૧૩૭૯૬ પાર્ટ ટાઈમ પ્ર - શિક્ષકોની નિમણુંક / નિમણુંકની ભારત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી છે.જે દરેક રાજ્યને લાગુ પડે છે. તો આ મુજબ ગુજરાત રાજ્યમાં ૨૦૦૯ પછી આ વિષયોની ભરતી જ કરવામાં આવેલ નથી નિયમોનુસાર ભરતી કરવા માંગ છે.

લાખણી તાલુકામાં...

પાના નં .૮ ચાલુ

શૌચાલયને લગાવવામાં આવતા દરવાજો એકદમ હલકી ગુણવતાવાળો હોવાથી તુટી ગયા છે અને અન્ય વસ્તુઓ જેવી કે ટાઈલસ ડોલ ટબ અને પાણીની ટાંકી પણ તકલાદી હોવાથી શૌચાલય માત્ર ફોટા પડાવવા માટે જ બનાવ્યું હોય એમ તેનો ઉપયોગ કરવામાં આવતો નથી જેના પરિણામે જે લોકો સ્વખર્ચ શૌચાલય બનાવવા સમય નથી અને એના સિવાયના પરિવારો ખુલ્લામાં શૌચ કરવા મજબુર બની ગયા છે અને સરકારનો આ ખુબ ઉપયોગી અને ઉત્તમ પ્રોજેકટ કેટલાક જવાબદાર અધિકારીઓના કારણે સરકારનો કરોડો રૂપિયા વેડફાઈ રહ્યા છે જેના કારણે શૌચાલય કૌભાંડની તપાસ સમિતિ દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ જાગૃત અરજદાર દ્વારા કરવામાં આવી છે. જે જે પરિવારોએ અગાઉથી જ શૌચાલય બનાવેલ હતા અને જે લોકોએ તાજેતરમાં સ્વખર્ચ બનાવેલ તેમના પણ ફોટા પાડીને ૮૦૦૦ કે ૯૦૦૦ હજાર રૂપિયા આપીને ગેરરીતી કરવામાં આવી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

ડીસાની લો કોલેજ ખાતે ઘરેલું હિંસા અને સ્ત્રી અત્યાચાર જાગૃતિ અંગે સેમિનાર

ભરત સુંદેશા

ડીસા

આજના સમયમાં વધતી જતી ઘરેલું હિંસા અને અને સ્ત્રી અત્યાચાર અંગે લોકોમાં જાગૃતિ આવે અને ખાસ કરીને કાયદાના પાઠ ભણતા વિદ્યાર્થીઓમાં જાગરૂકતા આવે તે આશયથી ગુજરાત સરકારના મહિલા અને બાળ આયોગ તથા જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા આજે ડીસા તાલુકાના કાંટ ગામમાં આવેલી સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ ખાતે ખાસ સેમીનાર યોજવામાં આવ્યો હતો.. આ સેમિનારમાં જેન્ડર રિસોર્સ સેન્ટરના હેમાલીબેન જોશી, બીજલબેન બંગડીવાળા અને રીમાબેન કપૂરે વિદ્યાર્થી ભાઈ-બહેનોને આજના સમયમાં થઇ રહેલા સ્ત્રી અત્યાચારોની ઘટનાથી વાકેફ કરવા ઉપરાંત કેવી રીતે આવી ઘટનાઓને અટકાવી શકાય તે અંગે ખાસ માર્ગદર્શન આપ્યું હતું.. આ પ્રસંગે ઉપસ્થિત જેન્ડર રિસોર્સની બહેનોએ કોલેજના જ વિદ્યાર્થીઓના સ્ત્રી અત્યાચાર વિશેના અનુભવો અને મહિલા અત્યારચાર અટકાવવાના ઉપાયો એક ચાર્ટ પર લખાવી સમજણ આપી હતી.. જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા સમાજમાં સ્ત્રી અત્યાચારોની ઘટનાઓ અટકાવવા માટે સરાહનીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને અત્યારસુધી તેને લઈ સારા પરિણામો પણ જોવા મળી રહ્યા છે. ત્યારે આજે ડીસાની લો કોલેજ ખાતે વિદ્યાર્થીઓને આ અંગે માર્ગદર્શન આપવા માટે યોજાયેલી આ શિબિરમાં સ્કાય ઈન્ટરનેશનલ સ્કુલના સી.ઈ.ઓ. ધાન્યા મોહન અને બનાસકાંઠા પોલીસ સ્ટેશન બેઈઝડ સેન્ટરના જીગીષાબેને પણ હાજર રહીને સ્ત્રી અત્યાચાર અટકાવવા શું શું કરવું જોઈએ અને તેના માટે કોણ કોણ મદદરૂપ થઇ શકે છે તે અંગે ખાસ સમજણ આપી હતી.. આ ઉપરાંત સમાજમાં દીકરીઓનું મહત્વ વધે તે અંગેની ખાસ સમજણ આપવામાં આવી હતી. અને સ્ત્રીઓ પર કેવા કેવા પ્રકારના અત્યાચારો થાય છે અને તેના માટે કાયદામાં શું પ્રાવધાન છે તેના વિષે સ્લાઈડ શો રજુ કરીને સમજણ આપવામાં આવી હતી. આ સેમીનાર યોજવાનો આશય સમાજમાં દીકરા અને દીકરા વચ્ચે સમાનતા લાવવાનો હતો અને સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પણ ચર્ચામાં ભાગ લઈને સવાલો કર્યા હતા અને ઉપસ્થિત મહેમાનોએ તેના યોગ્ય ઉત્તરો આપીને વિદ્યાર્થીઓને સમજણ પૂરી પાડી હતી.. આ કાર્યક્રમમાં સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટ ઈશ્વરભાઈ મિસ્ત્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વચન પાઠવ્યા હતા.. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રિન્સીપાલ ડો.રાજુલબેન દેસાઈ, પ્રોફેસર કલ્પેશભાઈ ઠક્કર, પીન્ટુભાઈ, સંજયભાઈ દેસાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

કોતરવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તાલીમ યોજાઈ

નટુજી ઠાકોર

કોતરવાડા

ગત તા. ૨૦/૧/૧૭ ને શનિવારના રોજ પ્રા.આ.કે. કોતરવાડા મુકામે સઘન પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમ અંતર્ગત તાલીમનું આયોજન કરેલ. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારી બ્રિજેશભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ મે.ઓ. પ્રદિપભાઈ કે. સોલંકી દ્વારા તેમના તાબા હેઠળના પે.આ.કે.ના કર્મચારીગણ તમામ મ.પ.હે.વ, હિ.હે.વ., આશા, આંગણવાડી કાર્યકર તથા સ્વયંસેવકો તાલીમ અર્થે હાજર રહેલ અને તેમને સઘન પલ્સ પોલીયોના બે ટિપા ઝીરોથી પાંચ વર્ષના તમામ બાળકોને કેવી રીતે ટિંપા પીવડાવવા તેની માહિતી તથા ડોર ટુ ડોર પોલિયો રસીકરણ કરવુ તેની માહિતી આપવામાં આવી.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર (કીલોના)
ચાંદી ચોરસા ૩૯૩૦૦-૩૯૬૦૦
રૂપુ કાચું ૩૯૩૦૦-૩૯૬૦૦
સોનુ તોલો ૩૦૪૦૦-૩૦૮૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૦૪૦
પામોલીન ૧૦૨૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૬૦૦
સીંગતેલ ૧૫ લી.૧૫૧૦
સીગતેલ ૫ લી. ૫૦૦
તિરૂપતી કપા. ૧૨૪૦
૫ લીટર ૩૯૫
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૨૦
૫લી. અંકુર સીંગતેલ ૫૦૫
૧૫ લીટર સનફલાય ૧૨૪૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૪૦૦-૩૫૦૦
ખાંડ એમ. ૩૫૦૦
ખાંડએલ. ૩૭૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૧૨૦-૧૬૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૩૬૦
ટામેટા ૧૪૦-૧૬૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૨૦૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
તુવેર ૬૦૦-૮૦૦

વિશ્વાસ ગૃપ દ્વારા મોતીપુરા પ્રા.શાળામાં ઉતરાયણ પર્વ નિમિતે પતંગ દોરી અને તીથીભોજન અપાયું

પ્રતિ. મુમનવાસ

ગત તા.૧૩/૧૧/૧૮ ના રોજ ઉતરાયણ પર્વના આગલા દિવસે વિશ્વાસ ગૃપ દ્વારા અનોખી રીતે ઉતરાયણ પર્વ મનાવવામા આવ્યું હતું. ઉતરાયણના આગલા દિવસે વિશ્વાસ ગૃપના ચેરમેન દેવેન ભીલીડીયા દ્વારા મોતીપુરા સ્કુલમાં તમામ બાળકોને પતંગ દોરીનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ પર્વ પ્રસંગે વિશ્વાસ ગુપના વા.ચેરમેન પ્રદિપ કટારિયા, નિકુંજ ગોમતીવાસ દિનેશ લાલપુરા તેમજ વડગામ તાલુકાના પુરવઠા ના.મામલતદાર મહેશભાઈ પરમાર પણ ઉપસ્થિત રહી અનેરો ઉત્સાહ પૂરો પાડ્યો હતો.

વિશ્વાસ ગૃપના વા.ચેરમેન પ્રદિપ કટારિયાનો અને સભ્યા નિકુંજ ગોમતીવાસ નો જન્મ દિવસ હોવાથી આ જન્મદિવસને બાળકોને વિશ્વાસ ગૃપ અને બન્ને મિત્રો દ્વારા આગવી પહેલ કરી જમાડ્યા હતા અને જન્મ દિનની અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો આ પ્રસંગે ના. મામલતદાર મહેશભાઈ પરમાર દ્વારા વિશ્વાસ ગૃપને શુભેચ્છાઓ આપવામાં આવી હતી આ પ્રસંગે શિક્ષક સ્ટાફ દ્વારા પણ સુંદર સહયોગ આપવામાં આવ્યો હતો.

૪ પૈકી એક પુરુષને મહિલાના કામ કરવા સામે વાંધો :રિપોર્ટ

ભારતમાં છેલ્લા એક દશકમાં જાહેર ક્ષેત્રમાં મહિલાઓની ભાગદારી ચોક્કસપણે જોરદાર રીતે વધી છે. અલબત્ત કાર્ય સ્થળ પર ભેદાવ અને પુરૂષ પ્રભુત્વની માનસિકતાના કારણે ભારતીય મહિલાઓને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં કેટલાક નવા મામલા સપાટી પર આવ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક વૈશ્વિક સર્વેમાં કેટલીક બાબત ભારતને લઇને પણ જારી કરવામાં આવી છે. દરેક ચારમાંથી એક ભારતીય પુરૂષ માને છે કે મહિલાઓને ઘરની બહાર કામ કરવા માટે જવુ જોઇએ નહી. ભારતમાં થયેલા મોટા આર્થિક ફેરફાર બાદ પણ ભારતીય મહિલાઓની સ્થિતીમાં હજુ સુધારાની જરૂર દેખાઇ રહી છે. પીસ એન્ડ સિક્યુરિટી ઇન્ડેક્સમાં ભારતીય મહિલાઓની સ્થિતી ખુબ નિરાશાજનક રહી છે. ભારત ૧૩૧માં સ્થાન પર છે. સર્વેના પરિણામ સાફ રીતે દર્શાવે છે કે ભારતમાં આર્થિક અને સામાજિક સ્તર પર મહિલાઓને ભેદભાવનો સામનો કરવો પડે છે. દેશની મહિલાઓની સામાજિક અને આર્થિક ભાગીદારી પણ હાલમાં વિશ્વની પ્રગતિની તુલનામાં ઓછી છે. આ ઈન્ડેક્સ વિશ્વભરની મહિલાઓની સમૃદ્ધિ અને માનસિક શાંતિના મુલ્યાંકનના આધાર પર છે. ઈન્ડેક્સમાં ભારતને ૧૫૩માં સ્થાન મળ્યુ છે. સર્વેમાં વિશ્વની ૯૦ ટકા વસ્તીને આવરી લેવામાં આવી હતી. ઈન્ડેક્સમાં ભારતને ૧૫૩મુ સ્થાન મળ્યુ છે. જે દર્શાવે છે કે હજુ પણ દેશમાં લોકોની વિચારણા માનસિક રહી છે. ઈન્ડેક્સમાં પ્રથમ સ્થાને આયરલેન્ડ છે. જ્યારે બીજા સ્થાન પર નોર્વે છે. સર્વેમાં પુત્રીની સાથે થતા અન્યાયની બાબત ફરી એકવાર સપાટી પર આવી છે.

ચારમાંથી એક ભારતીય પુરુષ માને છે કે મહિલાઓએ કામ કરવા ઘરની બહાર ન જવું જોઈએ

ભારતમાં છેલ્લા એક દશકમાં જાહેર ક્ષેત્રમાં મહિલાઓની ભાગદારી ચોક્કસપણે જોરદાર રીતે વધી છે. અલબત્ત કાર્ય સ્થળ પર ભેદાવ અને પુરૂષ પ્રભુત્વની માનસિકતાના કારણે ભારતીય મહિલાઓને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં કેટલાક નવા મામલા સપાટી પર આવ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક વૈશ્વિક સર્વેમાં કેટલીક બાબત ભારતને લઇને પણ જારી કરવામાં આવી છે. દરેક ચારમાંથી એક ભારતીય પુરૂષ માને છે કે મહિલાઓને ઘરની બહાર કામ કરવા માટે જવુ જોઇએ નહી. ભારતમાં થયેલા મોટા આર્થિક ફેરફાર બાદ પણ ભારતીય મહિલાઓની સ્થિતીમાં હજુ સુધારાની જરૂર દેખાઇ રહી છે. પીસ એન્ડ સિક્યુરિટી ઇન્ડેક્સમાં ભારતીય મહિલાઓની સ્થિતી ખુબ નિરાશાજનક રહી છે. ભારત ૧૩૧માં સ્થાન પર છે. સર્વેના પરિણામ સાફ રીતે દર્શાવે છે કે ભારતમાં આર્થિક અને સામાજિક સ્તર પર મહિલાઓને ભેદભાવનો સામનો કરવો પડે છે.

દેશની મહિલાઓની સામાજિક અને આર્થિક ભાગીદારી પણ હાલમાં વિશ્વની પ્રગતિની તુલનામાં ઓછી છે. આ ઈન્ડેક્સ વિશ્વભરની મહિલાઓની સમૃદ્ધિ અને માનસિક શાંતિના મુલ્યાંકનના આધાર પર છે. ઈન્ડેક્સમાં ભારતને ૧૫૩માં સ્થાન મળ્યુ છે. સર્વેમાં વિશ્વની ૯૦ ટકા વસ્તીને આવરી લેવામાં આવી હતી. ઈન્ડેક્સમાં ભારતને ૧૫૩મુ સ્થાન મળ્યુ છે. જે દર્શાવે છે કે હજુ પણ દેશમાં લોકોની વિચારણા માનસિક રહી છે. ઈન્ડેક્સમાં પ્રથમ સ્થાને આયરલેન્ડ છે. જ્યારે બીજા સ્થાન પર નોર્વે છે. સર્વેમાં પુત્રીની સાથે થતા અન્યાયની બાબત ફરી એકવાર સપાટી પર આવી છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

કાશ્મીર છોડી દેવા માટે જે આદેશ આપ્યો છે તે બાબતે સરકારે કાશ્મીરી પંડિતોની સુરક્ષા માટે કયા પગલાં ભર્યા છે તે અંગે ગૃહમાં સરકારે નિવેદન આપવું જોઈએ.

બહુજન પાર્ટીના નેતા માયાવતીનું કહેવું છે કે, વડાપ્રધાન કાશ્મીર હિંસા બાબતે છેલ્લા કેટલાય દિવસથી મૌન રહ્યા હતા. તે બરાબર નથી તેમને મૌન તોડવું જોઈએ અને કાશ્મીર હિંસાનો ઉકેલ કેવી રીતે કરી શકાય તે બાબતે ગૃહમાં પૂર્ણ વિચારણા હાથ ધરવી જોઈએ.

હકીકતમાં કાશ્મીરમાં જે કંઈ ચાલી રહ્યું છે તે માત્ર પાકિસ્તાનના ઈશારે થઈ રહ્યું છે. ગમે તેમ કરીને કાશ્મીર સરકારને ઘરભેગી કરી સમગ્ર કાશ્મીર પર પોતાનો હક્ક જમાવવા માગે છે પરંતુ આ બાબતે ગૃહમંત્રી રાજનાથે સ્પષ્ટતા કરી હતી કે કાશ્મીરનો જે પ્રદેશ પાકિસ્તાને આઝાદી કાળથી પોતાના હસ્તક કરી લીધો છે એ તે મુકત કરવો જોઈએ. કાશ્મીર ભારતનું જ અભિન્ન અંગ છે મને તેના પર કોઈનો હક્ક ચાલી શકે તેમ નથી. તેમ છતાં પાકિસ્તાને જે ત્રાસવાદી સંગઠનોને આશરો આપ્યો છે તે ત્રાસવાદી સંગઠનો વારંવાર કાશ્મીરમાં વિસ્ફોટો આચરી ત્યાંનો માહોલ અશાંત બનાવી રહ્યા છે જે ગંભીર બાબત કહી શકાય. છેલ્લા છ દાયકાથી ત્રાસવાદી તત્વો અને કાશ્મીરમાં ફરજ બજાવતા જવાનો વચ્ચે વર્ષોથી અથડામણો ચાલી રહી છે અને અસંખ્ય જવાનો શહીદ થયા છે ત્યારે પાકિસ્તાને તેની કટ્ટરવાદી નીતિને ત્યાગીને હિંસા આચરવાનો ખેલ બંધ કરવો જોઈએ. ત્રાસવાદીઓને મોકલીને નિર્દોષોની કત્લેઆમ કરવી તે કુરાનમાં કયાંયે દર્શાવ્યું નથી. આ બાબતે પાક.ના વડાપ્રધાને શરીફે સમજવી જોઈએ અને માનવીય અભિગમ દર્શાવી પોતાની નીતિમાં બદલાવ લાવવો જોઈએ.

જ્યારે વિપક્ષો એવો બકવાસ કરી રહ્યા છે કે જમ્મુ કાશ્મીરમાં પગલાં ભરવામાં સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ છે. આ બાબતે સરકારે વિપક્ષોને સણસણતો જવાબ આપવો જોઈએ. કાશ્મીરમાં અગાઉ ૯૧ દિવસ સુધી હિંસાના બનાવો બન્યા હતા જેમાં ૯૧ લોકોના મોત થયા હતા. આવા બનાવો પુનઃ ન બને તે બાબતે કાશ્મીર સરકાર અને કેન્દ્ર સરકારે સાબદા રહેવું જોઈએ.

કાશ્મીરના યુવાનો અને યુવતીઓ જે માર્ગે જઈ રહ્યા છે તે બાબતે સરકાર ખુદ ચિંતીત બની છે. આ બધું જેના ઈશારે ચાલી રહ્યું છે તેવા લોકો કાશ્મીરમાં અશાંતિવાદમાં કાયમી ઘેરાતા રહે તેવું ઈચ્છી રહ્યા છે.

વળી સત્તારૂઢ પીડીપીના એક ધારાસભ્યે વિવાદાસ્પદ નિવેદન કરીને તમામને ચોંકાવી દીધા છે. ધારાસભ્ય ઐઝાઝ અહેમદ મીરે એવું જણાવ્યું હતું કે, સલામતી દળો દ્વારા ઠાર કરવામાં આવતા આતંકીઓ શહીદો છે. તેમના મોતની ઉજવણી કરી શકાય નહીં. મીરના આ નિવેદનથી રાજકીય વિવાદ ઉભો થયો છે. પોતાને પ્રખર રાષ્ટ્રવાદી માનતા અને મહેબુબા મુફ્તિ સરકારમાં ભાગીદાર એવા ભાજપ પાસે કોંગ્રેસે આ બાબતે જવાબ માંગ્યો છે. હકીકતમાં સરકારે પણ આ બાબતે પોતાનું નિવેદન જાહેર કરવું જોઈએ.કાશ્મીર વિવાદ ઉકેલવા તમામ રાજકીય પક્ષોએ એક મંચ પર આપવું જોઈએ.

કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

આખરે ચડેલા મોંએ હું ઓફિસે ગયો. ઘણીવાર આપણને ઘણા પર ઘણો ગુસ્સો આવી જતો હોય છે પણ આપણે કશું કરતા નથી.. દા.ત.. તમે વાહન ચલાવતા જાવ છો અને રસ્તામાં તમારી પાસે ટ્રાફિકનો કોઈ માણસ લાયસન્સ માંગે છે. તમારી સાથે ઘરવાળીની મગજમારીના લીધે લાયસન્સ ઘેર ભુલી ગયા છો.અહીં રોડ પર હવાલદાર સાથે મગજમારી થતા તમને અતિશય ગુસ્સો આવી જાય છે.ઘરવાળીનો ગુસ્સો હવાલદારને હેલમેટ ઠોકી ઉતારવા માંગો છો.. પણ એમ કરી શકતા નથી..

તો ઓફિસમાં તમે રજા માગવા ગયા અને બોસ તમને રજા મામલે ખખડાવા માગે છે.. તમો સમસમીને રહી જાવ છો.. બાકી મનમાં તો થાય છે કે ટેબલ પર ચડીને નરાધમ અધમને કેબીનની ખુરશીમાંથી ઉંચકી ગોળ ગોળ ફેરવી બારીમાંથી એવો નીચે નાખું કે એના નીચે હાડકાનો ય ફોદો વળી જાય.

તો પડોશણ ને જોતાં જ આહાહા.. કુછ કુછ હોતા હૈ.. કે તને લઈને કાંકરીયા ફરવા પણ અમદાવાદના એ કાંકરીયામાં ફરવાનું શું ધુળ છે ? કાશ્મીરના બે પહાડોની વચ્ચેના ઉંચા ઉંચા સીધા ઉભેલા વૃક્ષોની વચ્ચે આવે તો રસ્તાઓ પર લઈ જાઉં.. આહાહા.. શું કાશ્મીરની ઠંડક અને હેં પાડોશણ રોજ સવારે કપડા પર ધોકાથી દાજ વાળીતી તું અનેકયાં કાશ્મીરમાં ખીલી ઉઠેલો તારો એ ચહોર.. પણ થઈ શકતું નથી. જીંદગીમાં ઘણું બની શકતું નથી ખારી ખુબ્બડ ચાા પીને ઓફિસમાં પહોંચ્યો..

પટાવાળાએ લુચ્ચા શિયાળની જેમ મારી સામે લળી લળીને જોયું. મને પગમાંથી બુટ કાઢવાની અતિ જુની યાદ આવી ગઈ પણ..

પણ બોસે મારા ચા મામલે કેબીનમાં બોલાવ્યો અને પુછ્યું શું શ્રીમતી રેણુએ આજે ફરી ધમકાવી નાખ્યા બારોટજી..

મેં સાંભળ્યું કંપ થયો પણ કહ્યું, અરે એ મને શું ધમકાવવાની હતી ? આજે તો મેં એને ધમકાવી ધમકાવીને પ્લાસ્ટીકના દંડાથી એવી મારી કે દંડો જ વચ્ચેથી તુટી ગયો ? મેં કહ્યું..

તો મારે તમારી બહાદુરી જોવા સાંજે ઘેર આવવું પડશે ?

ને મારાથી હેં થઈ ગયું..

રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ) મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮

અજબગજબની દુનિયા

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

બુલેટ ટ્રેનના બીજા કાર્યક્રમમાં દિલ્હી-ચંડીગઢ, દિલ્હી ચંડીગઢ, દિલ્હી-કોલકત્તા, દિલ્હી-મુંબઈ, દિલ્હી નાગપુર, મુંબઈ-ચેન્નઈ અને મુંબઈ-નાગપુર રૂટો પર પણ બુલેટ ટ્રેન ચલાવવાની રૂપરેખા પણ તૈયાર કરવામાં આવી છે. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન આ બધા કાર્યો પર કાર્યરત છે.

આ બુલેટ ટ્રેનની અન્ય વિશેષતાઓ જોઈએ તો આ ટ્રેનની વધુ ઝડપ ૩૫૦ કી.મી.પ્રતિ કલાકની રહેશે. શરૂઆતમાં બુલેટ ટ્રેનમાં ૭૫૦ વ્યક્તિઓને બેસવાની સગવડ રખાશે. બુલેટ ટ્રેનમાં યાત્રીઓને બેસવાને માટે ૩૦ ડબ્બાની સગવડ રાખવામાં આવશે.

એવું અનુમાન છે કે આ બુલેટ ટ્રેનમાં પ્રતિદિન આશરે ૩૬૦૦૦ લોકો પ્રવાસ કરી શકશે. ભવિષ્યમાં એની ક્ષમતા હાલમાં ૨૦૫૩ સુધીની છે. તે વધીને ૧,૮૬,૦૦૦ સુધીની થઈ જશે. **કમલેશ કંસારા**

રાધનપુર તાલુકાના મહેમદાવાદમાં શ્વાન માટે લાડુનું વિતરણ

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના મહેમદાવાદ ગામે ઉત્તરાયણ નિમિત્તે સમસ્ત ગ્રામજનોએ ભેગા મળીને લાડવા બનાવીને શ્વાન માટે વિતરણ કર્યું હતું,જેમાં ગામના તમામ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો,ગામના અગ્રણીઓ હરિભાઈ પંચાલ,ગોવિંદભાઈ પટેલ,જગમાલભાઈ ચૌધરી સહીત ગ્રામજનો આ સેવાના યજ્ઞમાં જોડાયા હતા.અને જાતે જ લાડુ બનાવીને શ્વાનને પીરસવામાં આવ્યા હતા.

વારાહીની આચાર્ય પ્રા.શાળાનું ગૌરવ

વારાહી

એમ.એચ.આર.ડી.ન્યુ દિલ્હી દ્વારા ગત તા. ૫/૧૧/૨૦૧૭ ના રોજ ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે નેશનલ મિન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા લેવાયેલ. જેમાં સાંતલપુર તાલુકાના વારાહી ગામની એસ.ડી.આચાર્ય પ્રા.શાળાનો વિદ્યાર્થી પંચાલ હર્ષ કિરીટભાઈએ ૧૩૩ ગુણ મેળવી કટ ઓફ મેરીટ યાદીમાં સ્થાન મેળવી શાળા, પરિવાર અને સમાજનું ગૌરવ વધારેલ છે. સરકાર દ્વારા આ તેજસ્વી તારલાને ૬૦૦૦/- રૂા. શિષ્યવૃત્તિ દર વર્ષે ચુકવવામાં આવશે. આમ આવા તેજસ્વી તારલાને શ્રી એસ.ડી. આચાર્ય પ્રા.શાળાના આચાર્ય ડી.આર.પરમારે સન્માનિત કર્યા હતા.

પાટણમાં મુકબધીર દંપતીના બંધ મકાનમાંથી પાંચ હજારની ચોરી

પાટણ

પાટણમાં એક સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવીને તેમાંથી અંદાજે પાંચ હજારની રોકડ અને કાંડાં ઘડીયાળની ચોરી થવા પામી હતી. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં ટેલિફોન એક્સચેન્જની સામે જ રોડ પર આવેલી પુનમનગર સોસાયટીના મકાન નં-૩ માં રહેતા વૃધ્ધ મુકબધીર દંપતી રમેશભાઈ કાતિભાઈ ગાંધી અને તેમની પત્નિ નલીનીબેન એકલા જ રહે છે સંતાનો પૈકી એક અમદાવાદ અને બીજા બે અન્યત્ર રહે છે આ બંને પતિ-પત્નિ એક અઠવાડીયાથી અમદાવાદ રહેતા પુત્રના ઘરે ગયેલા. તેનો લાભ તસ્કરોએ ઉઠાવી બંધ મકાનનું તાળું તોડી રૂા. પાંચ હજારની ચીજ વસ્તુઓ ઉઠાવી ગયા હતા આ બાબતે પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

વિવિધ બજાર ભાવ

લાખણી	
રાયડો	૬૪૦-૬૫૮
એરંડા	૭૭૦-૭૮૪
ગવાર	૭૬૫-૭૯૦
બાજરી	૨૫૬
ર.બાજરી	૩૭૪
તલ	૧૫૦૧-૧૫૭૧
અજમો	૭૯૧-૧૧૭૦
ભીલડી	
એરંડા	૭૮૮-૭૯૯
રાયડો	૬૪૯-૬૬૦
બાજરી	૨૩૭-૨૬૧
ઘઉં	૩૨૬
બાજરી	૨૩૭-૨૬૧
ગવાર	૭૭૦-૮૦૪
અડદ	૬૫૦-૭૦૦
કપાસ	૯૭૦-૧૦૧૬
થરાદ	
રાયડો	૬૬૦-૬૮૯
એરંડા	૭૭૦-૭૯૮
મગ	૮૫૦-૯૦૧
મઠ	૫૭૮-૬૧૦
જીરુ	૩૧૫૦-૩૬૮૦
અજમો	૧૨૦૦-૨૧૦૦
રજકાબાજરી	૩૪૬-૪૦૧
ગવાર	૭૭૦-૮૧૦
રાહ	
રાયડો	૬૬૫-૬૭૫
એરંડા	૭૭૦-૭૮૦
રજકાબાજરી	૩૨૫-૩૬૦
ચિકુડી	૯૦૦-૯૨૫
ધાનેરા	
ઘઉં	૩૦૦
બાજરી	૨૫૦-૨૯૨
ગવાર	૭૨૫-૮૦૦
બીજડા	૧૧૦૦
મગફળી	૫૮૦-૬૮૦
રાયડો	૬૩૧-૬૬૮
ચોળા	૬૧૯-૮૦૦
એરંડા	૭૭૧-૭૮૭
જીરૂ	૩૨૦૦
તલ	૧૪૦૦-૧૬૫૦
સુવા	૮૯૯-૯૪૯
અન્ય	૮૨૦-૯૪૫
રાજગરો	૭૬૧
મેથી	૬૧૨
થરા	
જીરૂ	૩૪૦૦-૩૫૦૦
એરંડા	૭૮૦-૭૮૭
રાયડો	૬૪૭-૬૫૫
ગવાર	૭૮૦-૭૮૨
ઘઉં	૩૩૫-૩૫૭
બાજરી	૨૩૦-૨૫૪
અડદ	૭૦૦-૭૫૩
સિદ્ધપુર	
ઘઉં	૩૪૫-૩૭૦
બાજરી	૧૯૨-૨૫૫
જુવાર	૭૦૦-૮૪૧
એરંડા	૭૫૫-૮૦૦
અડદ	૬૦૦-૮૨૦
રાયડો	૬૩૦-૬૫૦
ગવાર	૭૭૪-૮૨૦
કપાસ	૯૨૫-૧૦૭૦
પાટણ	
જીરૂ	૩૩૦૦
વરી.	૧૦૪૩-૧૨૨૧
મેથી	૫૦૩-૫૩૨
સુવા	૮૦૦-૯૯૬
રાયડો	૬૨૦-૬૬૫
એરંડા	૭૭૫-૮૧૫
તલ	૧૪૭૧-૧૬૮૦
ઘઉં	૩૪૨-૩૭૯
બાજરી	૨૦૦-૨૪૩
જુવાર	૪૨૧
બંટી	૩૦૦
મગ	૬૨૧-૮૫૧
અડદ	૬૦૦-૭૯૦
ગવાર	૭૭૫-૭૯૯
કપાસ	૯૪૦-૧૦૬૫
અજમો	૩૦૦-૪૦૦

રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાજીના પાટોત્સવની તૈયારીઓ

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે ઐતિહાસિક હિમજા માતાજીના મંદિરે પાટોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.જેના ભાગરૂપે મહા સુદ બીજના દિવસે શુક્રવારે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.મંદિરના પૂજારી મૌલિક ભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ તા.૨૬ થી ૧ સુધી પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે.જેમાં તા.૨૬ ના રોજ પ્રતિષ્ઠાના યજમાનનો ચડાવો રાખવામાં આવ્યો છે,અને તા.૨૭ ના રોજ પ્રતિષ્ઠા યોજવામાં આવશે.આ વખતે તા.૩૧ જાન્યુઆરીના રોજ ચંદ્ર ગ્રહણ હોવાથી તે દિવસે મંદિર સવારે ૮ વાગ્યાથી બંધ રહેશે અને બીજા દિવસે સવારે મંદિર ખુલશે. તા.૧ ના રોજ માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવનાર છે. તા.૩૧ ના રોજ ચંદ્રગ્રહણ હોવાથી અને તે દિવસે પૂનમ હોવાથી પૂજા-પાઠ અને દર્શનની વ્યવસ્થા તા.૩૦ ના રોજ રાખવામાં આવી છે.

પાયોનિયર સ્કુલ પાટણ ખાતે સ્પોર્ટ ડેની કરાયેલી ઉજવણી

પાટણ

પાયોનિયર સ્કુલમાં દર વર્ષે સ્પોર્ટ ડે ની ઉજવણી કરવામાં આવે છે. તેમ આ ચાલુ વર્ષે પણ તા. ૧૯ મી જાન્યુઆરીના દિવસે ઉજવવામાં આવ્યો. સવારે ૯:૩૦ કલાકે પાયોનિયર વિદ્યાસ્કુલના ટ્રસ્ટી વિકાસભાઈ પટેલે રીબીન કાપીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. કાર્યક્રમના અનુસંધાનમાં પાયોનિયર સ્કુલ ઓફ સાયન્સના પ્રિન્સિપાલ નરસિંહભાઈ પટેલે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. પાયોનિયર સેકન્ડરી સ્કુલના આચાર્ય અશોકભાઈ પટેલે પણ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યુ હતું. પાયોનિયર વિદ્યા સંકુલના કેમ્પસ ડાયરેક્ટર અરવિંદસિંહ વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ બહેનોની દોડ સ્પર્ધા યોજાઈ હતી. ત્યારપછી એક પછી એક જેમ કે વોલીબોલ, કબડ્ડી, ઉંચીકુદ, લાંબીકુદ, ગોળાફેંક, ચક્રફેંક, ફુગ્ગાદોડ, લીંબુ ચમચી, કોથળા દોડ, જેવી રમતોમાં બાળકોએ હોંશથી ભાગ લીધો હતો. શાળાના તમામ વિદ્યાર્થીઓને ચાર ટીમોમાં વહેંચવામાં આવ્યા હતા. દરેક ટીમોને મહાનુભાવોના નામ સાથે જોડવામાં આવી હતી. જેમ કે, સરદાર પટેલ, સ્વામી વિવેકાનંદ, શિવાજી અને મહારાણા પ્રતાપ એમ ચારેય ટીમના વિદ્યાર્થીઓએ પોતાનું આગવું કૌશલ્ય દાખવીને પોતાનું યોગદાન આપ્યું હતું. પરિણામને અંતે શિવાજી ટીમને વિજેતા જાહેર કરવામાં આવી હતી. ૪:૩૦ વાગ્ય બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. ત્યારપછી રસ્સા ખેંચની સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખુબ જ આનંદ મેળવ્યો હતો. કાર્યક્રમના સમાપન વખતે વિજેતા ટીમને ટ્રોફી આપીને બહુમાન કરાયું હતું. સ્કુલના તમામ વિદ્યાર્થીઓને પાયોનિયર સ્ટાફ પરિવારે શુભકામનાઓ પાઠવીને કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

ચાણસ્મામાં ગોગા મહારાજના મંદિરનો પાટોત્સવ ઉજવાયો

ચાણસ્મા

પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે જૂના રબારીવાસમાં બિરાજમાન ૧૨૦૦ વર્ષ પૌરાણિક ભગવાન શેષનારાયણ ગોગા મહારાજના મંદિરના ત્રિ-દિવસીય પાટોત્સવની આજે શુક્રવારે ભારે ઉમંગ અને ઉલ્લાસપૂર્ણ માહોલ વચ્ચે ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે લઘુરૂદ્ર સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ પૂર્ણાહુતિ પ્રસંગે ખુબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ગોગાબાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

અહીં રબારીવાસમાં આવેલા ઐતિહાસિક ગોગા મંદિરના નૂતન મંદિરનો વર્ષ ૨૦૦૧ માં દ્વારકા પીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્યજી મહારાજના હસ્તે ગોગા બાપાના પરમ ઉપાસક અમથાભાઈ જોરાભાઈ દેસાઈ દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે ગોગામહારાજ પરિવાર ચાણસ્મા દ્વારા પાટોત્સવ ઉજવાય છે. જે મુજબ આ વર્ષે તા. ૧૭ થી ૧૯ જાન્યુઆરી દરમિયાન ૧૮ મા પાટોત્સવનું આયોજન કરાયું હતું. ભુવાજી એડવોકેટ મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈના જણાવ્યા મુજબ, પાટોત્સવ દરમિયાન ગોગા બાપાના મંદિરે લઘુરુદ્ર મહાયજ્ઞ, જેઠી- સિકોતર માતાજીના નવચંડી પાઠાત્મક અને હોમાત્મક યજ્ઞ તેમજ અંતિમ દિવસે ગત શુક્રવારે યજ્ઞની પુર્ણાહુતિ સાથે મંદિરે નૂતન ધ્વજારોહણ કરાયું હતું. આ પ્રસંગે બોલ મારા ગોગા જય જય ગોગાના પવિત્ર જયઘોષથી સમગ્ર માહોલ ભક્તિમય બની ગયો હતો. ત્રણે દિવસ અબોલ જીવોને ઘાસચારો અને પક્ષીઓને ચણ નાખવામાં આવ્યું હતું. પાટોત્સવમાં પધારેલા શ્રદ્ધાળુઓ માટે પ્રસાદની પણ વ્યવસ્થા કરાઈ હતી. પાટોત્સવને સફળ બનાવવા ગોગા પરિવારના હિતેશ દેસાઈ, પરેશ દેસાઈ, પુજારી હસુભાઈ ગોસ્વામી સહિત માલધારી યુવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે સમગ્ર પંથકના ભુવાજીઓ સહિત અગ્રણીઓએ હાજર રહી દર્શનનો લાભ લીધો હતો.

જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજે જીલ્લા સમાહર્તા શ્રી પી.સ્વરૂપની અધ્યક્ષતામાં મળી હતી.

સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સાંસદ દિપસિંહ રાઠોડ દ્વારા ડેમ રીપેરીંગ અને ભરવા, આરોગ્યને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી, જેના નિરાકરણ માટે જિલ્લા સમાહર્તા દ્વારા સબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં પ્રાંતિજ અને તલોદ વિસ્તારના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહયા હતા.

આગામી ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી અંતર્ગત જિલ્લાકક્ષાનો પ્રજાસત્તાક પર્વની ઉજવણી હિંમતનગર પોલીસ પરેડ મેદાન ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમમાં જિલ્લા સમાહર્તા પી.સ્વરૂપના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે બાળકો ધ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે આ ઉપરાંત પરેડ અને ટેબ્લો નિદર્શન કરવા તમામ સમિતિઓને સુયોજીત આયોજન કરવા જણાવ્યું હતું. તેમજ બાકી પેશન કેસો,ઓનલાઇન ફરિયાદોનો નિકાલ કરી ડેટા એન્ટ્રી સમયસર કરવા જણાવ્યું હતું.બીજા તબકકાની કાર્યવાહીમાં વિઝિન-૨૦૨૨ અંતર્ગત તમામને આવાસ, કુપોષણ અંગે જિલ્લા વિકાસ અધિકાર હર્ષ વ્યાસે તમામ અમલીકરણ અધિકારીઓ આ અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યુ હતું.બેઠકમાં અધિક કલેકટર વી.એલ.પટેલ સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

મહેસાણાના રામપુરા પાસે સર્જાયો ત્રિપલ અકસ્માત, એકનું મોત

મહેસાણા

મહેસાણાના રામપુરા ગામ પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો છે. એક સાથે ત્રણ ટ્રક એકબીજા સાથે ભટકાયા હતા. જેમાં એક શખ્સનું મોત થયુ હતું, અને બે લોકો ઈજાગ્રસ્ત થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસાણાના રામપુરા પાસે હાલ નવો રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં ૩ ટ્રક વચ્ચે વિચિત્ર ઢબે અકસ્માત સર્જાયો હતો. ત્રણેય ટ્રક એકબીજા સાથે અથડાઈ હતી. જેમાં એક શખ્સનું ઘટના સ્થળે મોત થયુ હતું અને અન્ય બે લોકો ઘાયલ થયા છે. ઘાયલોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ અકસ્માતને પગલે ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસે તાત્કાલિક ટ્રાફિકને હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

બહુચરાજીના પ્રતાપગઢમાંથી કિશોરીનું અપહરણ થતાં ફરિયાદ

ચાણસ્મા

બહુચરાજીના પ્રતાપગઢ ગામે ગામની સીમમાં ગયેલી ૧૪ વર્ષની કિશોરીનું ગામનો જ યુવાન અપહરણ કરી લઈ જતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે કિશોરીના પરિવારજનોએ બહુચરાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

જાણવા મુજબ પ્રતાપગઢ ગામે રહેતી ૧૪ વર્ષીય કિશોરી તા. ૧૫ જાન્યુઆરીએ સીમ વિસ્તારમાં ગઈ હતી ત્યારે કલાકો સુધી તે પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ ચલાવી હતી. દરમ્યાન જાણવા મળેલ કે તેમના જ મહોલ્લામાં રહેતો મનીષ નટુજી ઠાકોર કિશોરીને લગ્નની લાલચ આપી ભરમાવીને તેણીનું અપહરણ કરી ગયો હોવાની જાણ થતાં તપાસ દરમ્યાન યુવાન પણ ઘરે મળ્યો ન હતો. જેને આધારે કિશોરીના પિતાએ બેચરાજી પોલીસમાં મનીષ નટુજી ઠાકોર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં આ બાબતની તપાસ પીઆઈ એ.એસ.આચાર્યએ તપાસ ચલાવેલ છે.

હિંમતનગર અને ઢુંઢરવાવડીમાં સાસરીયાના ત્રાસથી બે પરિણીતાઓનો આપઘાત

હિંમતનગર

સાબરકાંઠાના મુખ્યમથક હિંમતનગર ‘એ’ ડિવીઝન વિસ્તારમાં રહેતી ૨૪ વર્ષિય પરિણીતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધું હતું. જ્યારે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ઢુંઢરવાવડી ગામની પરિણીતાએ તપાવમાં ઝંપલાવીને મોતને ગળે વળગાડી દીધું હતું. આ બંને કરૂણ ઘટનામાં સાસરીયા દ્વારા યેનકેન પ્રકારે આપવામાં આવી રહેલ શારિરીક માનસીક ત્રાસથી તંગ આવી બંને પરિણીતાઓએ આત્મ હત્યા કરી લેતાં પોલીસે મુખ્યત્વે ઈપીકો કલમ ૩૦૫ તથા ૪૯૮ (ક) હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ ચલાવેલ છે

જાણવા મળતી વિગતો અનુસાર હિંમતનગર ખાતે રહેતા વર્ષાબેન સુરેશભાઈ પંચાલે તેમની ૨૪ વર્ષિય પરિણીત પુત્રી રિધ્ધીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતાં હિંમતનગર એ ડિવીજન પોલીસ મથકે પતિ પતિ અને સાસુ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવામાં આવી હતી.

ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવેલ કે રિધ્ધીના લગ્ન બાદ પતિ અને સાસુ ઘરકામ બાબતે ત્રાસ ગુજારતા હતા. અને તું કરિયાવરમાં કઈ લાવી નથી તેથી કાર ખરીદવા પિયરમાંથી ૮ થી ૧૦ લાખ રકમની માંગણી કરવામાં આવી હતી જેથી ત્રાસીને રિધ્ધીએ જીવન ટુંકાવી દીધું હતું જયારે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ઢુંઢરવાવડી ગામે ગામના તળાવમાં ઝંપલાવી સોમીબેન નામની પરિણીતાને મોતને વહાલુ કર્યું હતું.

મોડાસા તાલુકાના મુલોજ (નાદરા) ગામે રહેતા મરનાર સોમીબેનના ભાઈ બાબજી રૂપાજી આંટે સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

શંખલપુરમાં એક કરોડના ખર્ચે નિર્મિત બહુચર માતાજીના સુવર્ણ મુખારવિંદની પ્રતિષ્ઠા

શંખેશ્વર

મહેસાણા જિલ્લાના શંખલપુર સ્થિત મહાશક્તિ મા બહુચરના ૫૨૦૦ વર્ષ પ્રાચીન આદ્યસ્થાનકમાં અંદાજે એક કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા સુવર્ણમંડિત ગોખમાં મા બહુચરના સુવર્ણ મુખારવિંદ અને યંત્રનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા.૨૩ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન યોજાનાર છે. મા બહુચરના આ પાવનકારી મહોત્સવમાં રાજયભરમાંથી લાખો શ્રધ્ધાળુઓ ઉમટી પડવાની ધારણા છે. જેને લઈ ટોડા ટ્રસ્ટ અને ગ્રામજનો દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે.

શ્રી ટોડા બહુચરાજી માતાજી મંદિર શંખલપુર ટ્રસ્ટના ચેરમેન કાળીદાસ પટેલ, મંત્રી અમૃતભાઈ પટેલ, ટ્રસ્ટી મોહનભાઈ દેસાઈએ મહોત્સવની વિગતો આપતાં જણાવ્યું કે, બહુચર માતાજીના સુવર્ણ ગોખ અને સુવર્ણ મુખારવિંદના દાતા નરભેરામભાઈ માવજીભાઈ સોરિયા (ઘુંટું-મુંબઈ) છે. મહોત્સવમા મુખ્ય યજમાન ભાવિષાબેન અને નિલેષભાઈ નરભેરામભાઈ સોરિયા તેમજ સહ યજમાનનો લાભ શંખલપુરના લાલભાઈ પી.પટેલ અને દિપચંદભાઈ પી.પટેલ પરિવારે લીધો છે. મહોત્સવના પ્રથમ દિવસે ૨૩ મી ને મંગળવારે સવારે ૮ કલાકે સુવર્ણ મુખારવિંદની ભવ્ય શોભાયાત્રા નીકળશે. જે શંખલપુર ગામના રાજમાર્ગ પર થઈ માતાજીના આદ્યસ્થાનકે જશે. બીજા દિવસે ૨૪ મી ને બુધવારે દેવી શક્તિપીઠમાં વિદ્વાન પંડિતો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિષ્ઠા હોમનો પ્રારંભ કરાશે. મહોત્સવના ત્રીજા દિવસે ૨૫ મી ને ગુરૂવારે બપોરે ૧૩-૩૯ ના શુભ મુહૂર્તમાં મંદિરમાં સુવર્ણ મુખારવિંદની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. સાંજના ૪ કલાકે યજ્ઞની પુર્ણાહુતિ અને મહાઆરતી થશે. મહોત્સવના ત્રીજો દિવસ માઈભક્તો માટે ભોજન પ્રસાદ તેમજ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મહોત્સવ પ્રસંગે તા.૨૩ અને ૨૪ મી ને રાત્રે ૯ કલાકે લોક ડાયરો યોજાશે. જેમાં નામાંકિત કલાકારો ડાયરાની જમાવટ કરશે. મહોત્સવને લઈ મંદિર પરિસરને રંગબેરંગી રોશનીથી સજાવટ કરાઈ છે.

બહુચરાજીના સ્મશાનગૃહમાં સર્જાયેલી નર્કાગાર જેવી સ્થિતિ

ગત ઉત્તરાયણના દિવસે રામજી મંદિરના રૂસ્ટી ગુણવંતલાલ બાબુલાલ જોષીનું અવસાન થયું ત્યારે અહીં લાઈટ ન હોવાના કારણે રાત્રે તેમની ચિંતા ખડકવા અને અગ્નિદાહ આપવા મોબાઈલની ફલેસનો ઉપયોગ કરી અગ્નિ સંસ્કાર કરવાની ફરજ પડી હતી.

ચાણસ્મા

પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે એસ ટી વર્કશોપની બાજુમાં જાહેર સ્મશાનગૃહ આવેલું છે.પરંતુ અહીં પાણી, લાઈટ છાંયડો કે બેઠક વ્યવસ્થા સહિતની અન્ય પ્રાથમિક સગવડો ન હોવાના કારણે તેમજ ચારે બાજુ ગંદકીના સામ્રાજયએ ભરડો લેતાં અહીંનું સ્મશાન નર્કાગાર સમૂ બની ગયું છે. પરિણામે લોકોને અંતિમક્રિયા માટે ભારે મુશ્કેલી વેઠવી પડે છે.

યાત્રાધામ બહુચરાજી ખાતે હાઈવે પર જાહેર સ્મશાનગૃહ આવેલું છે. સ્મશાનગૃહના પ્રવેશ દ્વારા આગળ જ ગેરકાયદેસર કેબિનો નામી કરી દેવામાં આવી છે. અહીં લાઈટની વ્યવસ્થા ન હોવાના કારણે રાત્રિના સમયે અગ્નિદાહ દેવાની ભારે મુશ્કેલી પડે છે. ઉનાળામાં કે ચોમાસાની ઋતુમાં લોકોને પ્રતિક્ષા કરવા કોઈ બેઠક વ્યવસ્થા નથી. લાશની અંતિમવિધિ બાદ ન્હાવા માટેની પણ કોઈ પર્યાપ્ત સગવડ નથી. પરિણામે લોકોને ભારે હાડમારી વેઠવી પડે છે.

સ્મશાનગૃહ માટે વિશાળ જગ્યા છે, પરંતુ ભૌગોલિક સગવડ ઉભી કરવા માટે સ્થાનિક લોકોએ ગ્રામ પંચાયતે કોઈ કામજી લીધી નથી. સ્મશાનની અંદરની હદમાં ચારેબાજુ ગંદકી સિવાય કંઈ જ નજરે પડતું નથી. બાજુમાં આવેલી સોસાયટીઓના રહીશો કચરો પણ સ્મશાનમાં ઠાલવે છે અને કુદરતી હાજતે પણ આ જ જગ્યાએ જાવ છે. યાત્રાધામ બહુચરાજીના વિકાસની વાતો ઉપર આ સ્મશાનની મુલાકાત લે તો સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે તેમ છે. હાલમાં તો અહીંનું સ્મશાન નર્કાગાર સમાન ભાસી રહ્યું છે.